Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૮ ક્રમાંક ૯૫ અંક ૧૧

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

# श्री जैन सत्य प्रकाश

| वर्ष ८ | વિક્રમ સં. ૧૯૯૯ : વીરનિ. સં. ૨૪૬૯ : ઇસ્વીસન ૧૯૪૩ | क्रमांक |
|---|---|---|
| अंक ११ | શ્રાવણ શુદિ ૧૫ : રવિવાર : ઑગસ્ટ ૧૫ | ९५ |

## વિષય – દર્શન

૧ ઉ. શ્રી. જ્ઞાનસાગરજી ગણીકૃત તીર્થમાલા
સ્તવન : પૂ. મુ. મ. શ્રી. જયંતવિજયજી : ૩૨૩

૨ નિહ્નવવાદ : પૂ. મુ. મ શ્રી. ધુરંધરવિજયજી : ૩૩૦

૩ સ્થા. સમાજનું નવું ૩૩ મું આગમ
સમુત્થાન–સૂત્ર : પૂ. મુ. મ. શ્રી. જયાનંદવિજયજી : ૩૩૭

૪ 'રત્નાકરપચ્ચીસી'નું દિગંબરીય રૂપાંતર ('आत्मनिवेदनम्'નું રહસ્ય અને પત્રવ્યવહાર): ૩૩૯

૫ उमास्वामि–श्रावकाचार : पू. मु. म. श्री. दर्शनविजयजी : ३४६

૬ અન્તિમ આરાધનાના પ્રકારો : પૂ. મુ. મ. શ્રી. કનકવિજયજી : ૩૪૮

૭ ગિરનારનો જીર્ણોદ્ધાર ( કથા ) : N. : ૩૫૨

આભાર : : ૩૪૫

વિક્રમ-વિશેષાંકની યોજના ૩૫૨ ની સામે.

**સૂચના**–આ માસિક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તેથી સરનામાના ફેરફારના ખબર બારમી તારીખે સમિતિના કાર્યાલયે પહોંચાડવા.

**લવાજમ—વાર્ષિક–બે રૂપિયા : છૂટક ચાલુ અંક–ત્રણ આના**

મુદ્રક : નરોત્તમ હ. પંડ્યા; પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ; પ્રકાશનસ્થાન શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ, મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી. મીરજાપુર રોડ. અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ वीराय नित्यं नमः ॥

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૮ ] ક્રમાંક ૯૫ [ અંક ૧૧

## ઉપાધ્યાય શ્રી જ્ઞાનસાગરજી ગણિકૃત

# તીર્થમાલા-સ્તવન

[ વિ. સં. ૧૮૨૧માં રચાયેલી એક મહત્ત્વની કાવ્યકૃતિ ]

સંગ્રાહક તથા સંપાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

( ગતાંકથી ચાલુ )

### ઢાળ ૩ (દૂહા)

**વટપદ્ર**નગર ઉદ્યાંનમાં, સંઘ મિલ્યો સમુદાય;
પાતસ્યા પુર **સિનોર**નો, **દ્રભાવતી**નો કહાય. ૧
**આણંદજી મદન** પારિખતણો, રહિયા **જસર્વાર** ઉત્સરંગ;
સંઘમાંહી આવી મળ્યા, ધરતા અધિક આનંદ. ૨
**જંબૂસર** નેં **પાદરા**, **દ્રાપરા**નો વળી સંઘ;
**કેરાલ આછોદ આમોદ** તણો, **ચાંપાનેર** સુચંગ. ૩

( સૂમરાની દેશી )

**વડોદરે**થી શ્રીસંઘ ઉપડચો, **છાંણી** ગ્રામે જાય;
દહેરે શાંતિજિણંદનો, બીજાં ચ્યાર કહાય.
ધન ધન સંઘવી જનમનેં, કહેં સહુ નરનારિ (આંકણી) ૧
ગોલતણી લહેંણી કરેં, સા **હીરા કપૂર**;
બીજી ગાંધી **નથુ** તણી, ભાર્યા **લક્ષ્મી** સનૂર. ધન૦ ૨
ગાંમ **અડાસે** આવીઆ, બીજે દિન ઘૃતસાર;
**વર્ધમાન** સા **લાલચંદ** સોની, લહેંણી કરેં સુવિચાર. ધન૦ ૩
તિહાંથી **કરમસદે** આવિઆ, બીજેં દિન વસુસાર;
જિનમંદિર શ્રીશાંતિનો, ભેટચો હર્ષ અપાર. ધન૦ ૪
સા **પાનાચંદ કુયર**નો, તિમ **મૂલચંદ** સાહ;
જણુ બેં મિલી લહેંણી કરેં, ઘૃતની હર્ષ ઉત્સાહ. ધન૦ ૫

---

**ઢાળ ૩ દૂહા** [૧] વટપદ્ર=વડોદરા. દ્રભાવતી=ડભોઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ખેટકપુર**માં આવીઆ, ભેટયા ભીડભંજન પાસ;
ઋષભ જિણેસર ઉપ પૂરે, પૂજ્યા ધરીય ઉલ્લાસ. ધન૦ ૬

લહેંણી ઘૃતતણી કરે, **લાધા** વોહરાપૂત;
બીજી ગોલતણી કરે, **દેવબાઇ** શુભ સૂત. ધન૦ ૭

મહેતા **ગોડીદાસનો, નાહલચંદ** સનૂર;
ત્રીજી લહેંણી ઘૃત તણી, કરે ભાવે પૂર. ધન૦ ૮

**વટુઆ** ગામે આવિઆ, **લાલચંદ અખા** સાર;
સા **ખુસાલ વર્ધમાનની**, બેહૂ મલી લહેંણી ધાર. ધન૦ ૯

**સરસપૂરા**માં સંચર્યા, તિહાં દેહરો એક;
તિહાં મુનિસુવ્રતસ્વામીનું, ભેટયું ધરીય સુવિવેક. ધન૦ ૧૦

લહેંણી બે તિહાંકિણે હૂઈ, સા **ભાઇસાનો** નંદ;
**ભિખા ગલાલ** તિંમ **રૂયડો**, મનમેં અધિક આનંદ. ધન૦ ૧૧

વદિ પડવે તિહાં પોસની, **રાજનગર** મંડાણ;
**સાહમીઉ** સંઘને કરે, ગજ રથ હય અસમાન. ધન૦ ૧૨

સેઠ **નથમલ્લ ખુસાલ**નો, દીપે અધિક સૌભાગ્ય;
**જોઈતા જયચંદ** તિંમ વળી, ધરી મનમાં ગૂણરાગ. ધન૦ ૧૩

મહા મહોત્સવથી નગરમાં, પધરાવ્યો સંઘ;
લોક મળ્યા સહૂ નિરખવા, ધન જિનશાસનરંગ. ધન૦ ૧૪

**રાજનગર**માં આવીઆ, સંઘને હર્ષ અપાર;
કોઠારીની પોળમાં, ષટ ચૈત્ય ચિત્ત ધાર. ધન૦ ૧૫

સોદાગરની પોળમાં, દહેરું દીઠું એક;
લહેંરીયા પોળે એક વલી, વંદું ધરીય વિવેક. ધન૦ ૧૬

નિશાલ પોલે ત્રિણ વળી, શેખ પાડે ચ્યાર;
ઢીગવા પોલે શાંત્યજી, દહેરું એક ઉદાર. ધન૦ ૧૭

પાંજરાપોળમાં પેસતાં, દેહરાં દીઠાં તિન;
તલકસાની પોલમાં, દેવલ એક પ્રવીન. ધન૦ ૧૮

**વર્ધમાનસાને** મંદીરે, શીતલ સહજાનંદ;
દેવસીસાની પોલમાં, ચઉ ચૈત્ય અસંગ. ધન૦ ૧૯

---

**ઢાળ ૩ ઢાળ** [૯] વટુઆગામ=અત્યારે અમદાવાદ નજીક જે વટવા ગામ છે તે. [૧૦] સરસપૂરા=અમદાવાદ શહેરનું એક પરું, જે અત્યારે પણ એ જ સરસપુરના નામથી પ્રસિદ્ધ છે. [૧૨] રાજનગર=અમદાવાદ. [૧૫ થી ૩૦] આ સોળ કડીમાં સંઘે અમદાવાદમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક નગીનાપોલમાં, દેવસીપાડેં ચઉ ધાર;
ફતાસાની પોલમાં, દહેરાં ત્રિણુ ઉદાર. ધન૦ ૨૦
હાજાપટેલની પોલમાં, દહેરાં ઝાર્યાં સાત;
ટીમલા ઘંજી પંચાલની, એક એક વિખ્યાત. ધન૦ ૨૧
રાજામહેંતા કાલુ સંઘવીતણી, ધનાસુતારની પોલ;
દેવલ દો. દો નીરખીઇં, કુંણુ કરેં તસ હોડ. ધન૦ ૨૨
ચંગ પોલ લીંબડાતણી, સારંગપુર જાંણિ;
દરવાજેં સારંગપુરેં, એકેક મન આંણિ. ધન૦ ૨૩
કામેસર વાઘેસરી, ખેત્રપાલ રૂપચંદ;
પોલ એકેક વખાણીઈં, ભેટતાં ગયા ભવફંદ. ધન૦ ૨૪
પાસ સાંમલો જગિ જાગતો, દેહરાં ત્રિણુ ઓલ;
જલાલપુર દોય દેહરાં, એક સ્યાપુરની પોલ. ધન૦ ૨૫
પાંડવ ચૈત્ય તિહાં ભલાં, માંડવીપોલ નિહાલ;
અડસઠિ સર્વ મલી મોટિકાં, કરેં ભક્તિ વિસાલ. ધન૦ ૨૬
દેહરાં શ્રીનગરમાં, ત્રિણુ શત વડનૂર;
ઉપર એક વલિ દેખીનેં, હીયડેં હર્ષ ભરપૂર. ધન૦ ૨૭
સાહ **આનંદ લાલચંદનો**, નિજપરને ઉપગાર;
શ્રી સમેતતીર્થતણો, પ્રતિરૂપ કરાવેં સાર. ધન૦ ૨૮
ટુંક તોરણ નેં કોરણી, કહેતાં નાવેં પાર;
કૈલાસનગ સરીખો બન્યો, ધન એહનો અવતાર. ધન૦ ૨૯
બીસેં ટુકેં જિનતણાં, દર્શન સુખકાર;
સકલ સંઘ તે ભેટીનેં, કીધો સફલ અવતાર. ધન૦ ૩૦
**રાજપુરા**માં ભેટીઆ, શ્રી સાંમલો પાસ;
**હરીપુરે** હર્ષે કરી, વાસૂપૂજ્ય ઉલ્લાસ. ધન૦ ૩૧

આવીને કઇ કઇ પોળનાં જિનમંદિરોના દર્શન કર્યાં તેનો બહુ જ વિસ્તારથી ઉલ્લેખ કરેલો છે. અમદાવાદનો જૈન ઇતિહાસ જાણુવાની ઇચ્છાવાળા ભાઈને આ ઉલ્લેખો ઘણા ઉપયોગી થઇ પડે એમ છે એમાં શંકા નથી. વળી વિ. સં. ૧૮૨૧ માં એટલે આજથી લગભગ પોણાબસો ઉપરાંત વર્ષ પહેલાં પણુ, અમદાવાદની પોળો–ખાસ કરીને જૈનોની વસતીવાળી પોળો–આજે જે નામથી ઓળખાય છે લગભગ એ જ નામથી ઓળખાતી હતી એમ આ ઉલ્લેખો પુરવાર કરે છે. [૨૮] આ કડીમાં માંડવીની પોળમાં સમેત–શિખરની પોળમાં જે સમેતશિખર ગિરિવરની રચના ઊભી કરવામાં આવી હતી તેનો નિર્દેશ છે. [૩૧] રાજપુરા અને હરિપુરા અત્યારે પણુ અમદાવાદની નજીકનાં ગામડાં છે અને અમુક અમુક દિવસે જૈનો ત્યાં દર્શને જાય છે, એવો તેનો મહિમા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઢાલ ૪ (દૂહા)

**સૂરતિ** શહેરથી સુભ પરેં, સા **ભાઇચંદ હર્ષચંદ**;
**રાજનગર** આવી મેલ્યો, ધરતો હર્ષ અમંદ. ૧
દસ મુકામ **રાજદ્રાંગ**માં, કરી સંઘવી જસ લીધ;
**સરસપુરેં** ફરી આવીઆ, સંઘના મનોરથ સિદ્ધ. ૨
લહેંણી બેં તિહાં ગોલની, **વલ્લભ મોહનેં** તેમ;
**નાથા માણુકચજી** તિમ વલી, સંઘભક્તિનો પ્રેમ. ૩

( કપૂર હોઇ અતિ ઉજલૂં રે—એ દેશી. )

**ત્રાંબાવતી** નગરી થકી રે, **વાછડા મંગલજી** જાંણુ;
સંઘ લેઇ નઇં આવીઓ રે, ધરતો મન શુભ ધ્યાન રે;
ભવિજન સેવો તિરથ સાર, જિમ પામો ભવપાર. ભવિ૦ ૧
**બોરસિદ્ધ પેટલાદ**નો રે, **મુધા કપડવંજ** ગામ;
**સોઝંતરુ નડીઆદ**નો રે, **વૈરાટનગર** સુઠાંમ રે. ભવિ૦ ૨
**કટોસણ સાણંદ** વળી રે, **બહિઅલ** કડિના લોક;
સંઘમાં સહુ આવી મિલ્યા રે, નરનારિના થોક રે. ભવિ૦ ૩
શ્રી **સુરત**થી આવિઓ રે, સા **કપૂર**નો પૂત;
સા **ભૂષણ** તસ જોડલી રે, જોડી નિજ નિજ સુથ રે. ભવિ૦ ૪
**ભૂષણદાસ**ને ભાવથી રે, સંઘ અધિકારી કીધ;
વોલાવા બહુ રાખીઆ રે, યત્ન કરણુ પ્રસિદ્ધ રે. ભવિ૦ ૫
**અમદાવાદ**થી આગલેં રે, નવલ **નરુડૂં** ગાંમ;
તિહાં ચિંતામણિ પાસજી રે, પદ્માવતી સુત ધાંમ રે. ભવિ૦ ૬
તે ભેટી આગલ જાતાં રે, આવ્યું **વલાદ** શુભ ગાંમ;
તિહાં **ભૂષણદાસે** કરી રે, ઘૃતલહેંણી અભિરામ રે. ભવિ૦ ૭
પ્રભાતેં વલી પરવર્યા રે, **પેથાપુર** પ્રસિદ્ધ;
ચૈત્ય મુખ્ય શ્રીસુવિધિનું રે, બીજાં ચ્યાર સમૃદ્ધ રે. ભવિ૦ ૮
વાંદિ તિહાં વાસો રહ્યા રે, લહેણી ગોલની શુદ્ધ;
સા **ગલાલ કપડવંજ**નો રે, કરેં નિજ ભાવ વિશુદ્ધ રે. ભવિ૦ ૯

---

**ઢાળ ૪ દૂહા**—[૨] આમાં રાજદ્રાગ એવું નામ આપ્યું છે પણ તે અશુદ્ધ જણાય છે. આગળ પાછળનો સંબંધ મેળવતાં એ રાજનગર-અમદાવાદ જ હોવું જોઇએ. મતલબ એ છે કે સંઘે અમદાવાદમાં દસ દિવસનો મુકામ કર્યો હતો.

**ઢાળ ૪**—[૧] આમાં ત્રાંબાવતી નગરીનો ઉલ્લેખ છે તે વર્તમાનમાં કયું ગામ સમજવું તેનો ખ્યાલ આવતો નથી. [૨] બોરસિદ્ધ=બોરસદ. મુધા=મહુધા હોવું જોઇએ. સોઝંતરૂ=સોજિત્રા. વૈરાટનગર=ધોળકા. [૬] નરૂડું=નરોડાગામ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માણુસા** ગામેં આવિઆ રે, પારસ ચૈત્ય ઉત્તંગ;
વાંધુ ઘૃતલહેંણી કરેં રે, .... ... રે. ભવિ૦ ૧૦
**કૂકરવાડે** શાંત્યજી રે, આવી પ્રણુમ્યા પાય;
ગાંમ **કડામાં** ચૈત્ય ભલાં રે, યુગલ નમેં સુખ થાય. ભવિ૦ ૧૧
સા **બોઘલ** લહેંણી કરેં રે, ઘૃત અતિ અભિરામ;
વળી પ્રભાતેં ઉમટયા રે, **વિસલનયર** સુઠાંમ. ભવિ૦ ૧૨
**ભાવનગર ઘોઘા**તણાં, **પાલીતાંણા**ના જેહ;
**લીંબડી જૂનાઘઢ** થકી રે, આવિ મળ્યા સવિ તેહ રે. ભવિ૦ ૧૩
વીસલનયરના વાંણીયા રે, જૈનધર્મી દ્દઢ રંગ;
હર્ષ સહિત સંઘનેં કરેં રે, સાહમીઉં શુભ ઢંગ રે. ભવિ૦ ૧૪
**ખુશાલ** ભંડારી તિહાં રે, **હરખજી** રહિયા તસ જોડિ;
ઈંમ બહુ નરનારિ મલી રે, આવ્યા સનમુખ ક્રોડિ રે. ભવિ૦ ૧૫
હાથી ઘોડા પાલખી રે, નિશાણોં નવરંગ;
ગગનેં ગુડીઓ ઉછલેં રે, નૌબતિ બાજેં ચંગ રે. ભવિ૦ ૧૬
મહોત્સવ જૂત પધરાવીઆ રે, સંઘવીનેં શુભ ઠાંમ;
સંઘવિ પણિ જિન ભેટવા રે, ગામમાં આવ્યા તાંમ રે. ભવિ૦ ૧૭
દેવલ એક શ્રીપાસનું રે, બીજાં દેહરાં પાંચ;
સાત દીવસ લગેં ભેટીઆ રે, પૂજીઆ તજી ખલખંચ રે. ભવિ૦ ૧૮
લહેંણી એક તીહાં ગોલની રે, બાઇ **મૂલી** કરંત;
લહેંણી ઘૃત શ્રાવક કરેં રે, તે તો ન સંભરેં તંત રે. ભવિ૦ ૧૯
સંઘ તીહાંથી ઉપડયો રે, આવ્યું **ગુંજા** ગાંમ;
ચૈત્ય જૂહારી સંચર્યા રે, **વડનગર** વારુ ઠાંમ રે. ભવિ૦ ૨૦
તીહાં શ્રી ઋષભજી ભેટીઆ રે, દશ દહેરાસર ચંગ;
વાંદી પૂજી પ્રહસમેં રે, ચાલ્યા ચલચિત્ત ઉછરંગ રે. ભવિ૦ ૨૧
**સીહપુર** ગાંમ આવીયા રે, ચૈત્ય તિહાં છે દોય;
જિનમુદ્રા અતિ રૂયડી રે, વાંદી રહ્યા સહુ કોય રે. ભવિ૦ ૨૨
પ્રભાતેં સંઘ ઉપડયો રે, શ્રી **તારણગીર** ભણિ જાય;
વીષમ તલહટી ઉતર્યો રે, ગીરી દીઠેં સુખ થાય રે. ભવિ૦ ૨૩

### ઢાલ ૫ (દૂહા)

શ્રી સિદ્ધાચલ નગપતિતણા, ટુંક એક શત આઠ;
તે માંહિ પણિ એહ છેં, એહવો બુધજન પાઠ. ૧

[૧૨] વિસલનયર=વિસલપુર [૨૩] તારણગીર=તારંગા તીર્થ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( રાજૂલ ઉભી માલીઈ—એ દેશી. )

આગેં અજિત જિણંદજી, વિચરંતા ભૂપીઠ; તારણગીરી વંદો,
ચોમાસું ઇણી ગિરિ રહ્યા, તિણેં તસ તિત્થ વિસિઠ; તા૦
સકલ તિરથ સિરદાર, ઉંડો ગણુમાં ઈંદો; સુરગણુમાં ઇંદો. તા૦ ૧
તારણદેવી બુઝવી, થાપ્યું તારણ તિત્થ; તા૦
જિનઆણાઈ સેવતાં, ન રહેં દુકૃત સિઠ. તા૦ ૨
સિદ્ધશિલા ઇહાં રુયડી, સિદ્ધા સાધુ અનેક; તા૦
કોટિશિલેં કોડી ગમેં, મુગતિ ગયા ધરી ટેક. તા૦ ૩
શાસન ઉન્નતિ ચિત્ત ધરી, કેઈ પામ્યા ભવપાર; તા૦
સાહિબ શાંતિજિણંદનો, ચક્રાયુધ ગણધાર. તા૦ ૪
આગેં જિનભક્તિ ભલો, ચક્રિ સગર સનૂર; તા૦
જગબંધુ જગપતિતણો, ચૈત્ય કરાવૈં ભૂરિ. તા૦ ૫
ઇણ ગિર સિદ્ધવધુ વરી, તિમ તસ બહુ પરિવાર; તા૦
ઇમ અસંખ્ય પરંપરા, કીધ ચૈત્ય ઉદ્ધાર. તા૦ ૬
પાંચમેં આરેં પરગડો, ચાવો ચૂલૂકય વંશ; તા૦
ગૂજર ખંડેં ગાજતો, કૂમરનરિંદ અવતંસ. તા૦ ૭
તિણેં એ ચૈત્ય કરાવીઓ, ત્રીભુવનતિલકભિહાણ; તા૦
સંવત ઇગ્યાર નવાંણુંઇં, માંડયો ચૈત્ય મંડાણ. તા૦ ૮
ત્રીસેં વરસેં નીપનો, ચૈત્ય તે મુખ્ય ઉદાર; તા૦
બાકી સહૂ ઊણું રહ્યું, ભાવિ ન કો ઉપચાર. તા૦ ૯
રાજઋષિ રચના કરી, ખરચ્યા કોડી અઢાર; તા૦
મંડપ શિખર નેં કોરણી, જોતાં હર્ષ અપાર. તા૦ ૧૦
વાત પરંપર એકથી, અધિકું જાણેં બુદ્ધ; તા૦
**વિજયાનંદન** વાંદતાં, એ સઘળું છે શુદ્ધ. તા૦ ૧૧

**ઢાળ ૫**—[૧] વિસિઠ=વિશિષ્ઠ. 'ઉંડો ગણુમાં ઇંદો' એ પ્રયોગ અશુદ્ધ લાગે છે. આ પ્રયોગ ઉપમાદર્શક છે અને તેથી તેને 'ઉડુ ગણુમાં ચંદો' એટલે કે ઉડુગણ એટલે તારાગણમાં ચંદ્ર સમાન—એ રીતે સુધારીએ તો અર્થ બરાબર બંધ બેસે છે. વળી ઈંદ્રની ઉપમા આની પછી તરત જ આવે છે. [૨] સિઠ=શિષ્ટ—અવશિષ્ઠ—બાકી. [૭] ચૂલૂકય વંશ=ચૌલુક્ય વંશ. કુમરનરિંદ=મહારાજા કુમારપાળ. અવતંસ=શ્રેષ્ઠ. [૮] ત્રીભુવનતિલકભિહાણ=ત્રિભુવનતિલક નામનું. આમાં 'ત્રિભુવન' શબ્દમાં બે અર્થ રહ્યા છે. એક તો પ્રચલિત ત્રણલોકવાચી અર્થ. અને બીજો મહારાજા કુમારપાળના પિતાનું નામ ત્રિભુવનપાળ હતું તેનો. કુમારપાળે પોતાના પિતાના નામે ઘણાં જિનમંદિરો કરાવ્યાં હતાં. [૧૧] વિજયાનંદન=અજિતનાથ પ્રભુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘ ચઢયો ગિરિ ઉપરેં, ભેટયા અજિત જિણંદ; તા૦
સુરતી મોહન વેલડી, મુખડું પુનિમ ચંદ. તા૦ ૧૨
સંઘવીઈ પૂજ્યા પ્રભુ, બહુ દ્રવ્યેં શુભ ભાવ; તા૦
આતમવીર્ય ઉલ્લાસથી, એ છે ભવજલ નાવ. તા૦ ૧૩
ભુવન વિશાલ છે અતિ ઘણું, તોપણિ સંઘ પડુર; તા૦
જે પ્રભુજી પૂજી વલેં, તે માનેં સુખ પૂર. તા૦ ૧૪
દેહરા સાહમો દીપતો, ચોમુખ પ્રતિમા ચ્યાર; તા૦
પગલાં અજિત જિણંદનાં, પૂજા કરી મનોહાર. તા૦ ૧૫
સિદ્ધસિલાઈ સુંદરું, કીધું ચૈત્ય સ્વરૂપ; તા૦
સંઘવિઈં સુવિધિ કરી, થાપ્યા શ્રીજિનભૂપ. તા૦ ૧૬
સૂરિ ચ્યારેં સામટા, કરેં પ્રતિષ્ઠા સાર; તા૦
મૂલ પ્રાસાદેં મલપતો, ધ્વજ થાપ્યો વિસ્તાર. તા૦ ૧૭
ચ્યાર દિવસ લગેં ચિત્તથી, પૂજ્યા અરચ્યા ધ્યેય; તા૦
ભોલી ટોળી સવિં મળી, ગાયા સુગુણ અમેય. તા૦ ૧૮
મનહ મનોરથ સવિતણા, પૂગી બોલેં એમ; તા૦
કોડિ દિવાળી જીવજ્યો, સંઘવી વધતે પ્રેમ. તા૦ ૧૯
ધન ધન તાહરા બાપનેં, ધન કુલ માતનિ કૂખિં; તા૦
નેત્ર કરાવ્યાં પારણાં, ભાગી ભવની ભૂખ. તા૦ ૨૦
સંઘવીઈં સહૂ દેખતાં, વાંદી જોડી હાથ; તા૦
તાહરિ ભક્તિ ભવોભવેં, હોયજો મુજનેં નાથ. તા૦ ૨૧
ઈંમ વીનવી અરિહંતનેં, સંઘવી ઉતર્યા તામ; તા૦
સં(ઘ) સહુકો ઉતર્યો, આવ્યા જિહાં મુકામ. તા૦ ૨૨

( ચાલુ )

કળા અને શાસ્ત્રીય દૃષ્ટિએ સર્વાંગ સુંદર

## ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

૧૪''×૧૦'' સાઇઝ : આર્ટકાર્ડ ઉપર ત્રિરંગી છપાઈ : સોનેરી બૉર્ડર : મૂલ્ય–**ચાર** આના (ટપાલ ખર્ચનો દોઢ આનો જુદો.)

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

જેશિંગભાઈની વાડી : ઘીકાંટા, **અમદાવાદ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિહ્નવવાદ

લેખક : પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

( ગતાંકથી ચાલુ )

## છઠ્ઠા નિહ્નવ શ્રી રોહગુપ્ત : ત્રૈરાશિક મતાગ્રહી : વૈશેષિકમતપ્રવર્તક

( ૯ )

"આવો આવો, ઘણા દિવસે દેખાયા. તે દિવસ ચાર દિવસનું લખાણ વાંચ્યું હતું, લાવો આગળ હું જ વાંચું."

"લ્યો! વાંચો! આ અહિંથી પાંચમા દિવસનું લખાણ છે."

**દિવસ પાંચમો**

"નોજીવ નામનો પદાર્થ આગમસિદ્ધ છે માટે માનવો જોઈએ. જો કે આગમમાં નોજીવ નામે એક જુદો પદાર્થ છે, એ પ્રમાણે કોઈ વચન મળતું નથી તોપણ તેની જેવા બીજા અનેક દૃષ્ટાન્ત મળી આવે છે. આગમમાં અજીવના (૧૪) ચૌદ ભેદ પ્રતિપાદન કર્યાં છે. તે આ પ્રમાણે: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય ને કાળ. તેમાં, પ્રથમ ત્રણના સ્કન્ધ, દેશ ને પ્રદેશ એમ ત્રણ ત્રણ ભેદો છે એટલે નવ. પુદ્ગલાસ્તિકાયના ઉપરોક્ત ત્રણ અને પરમાણુ સહિત ચાર ભેદ છે. એટલે નવ ને ચાર તેર ભેદ થયા ને કાળ એક જ એમ ચૌદ ભેદ થાય છે. તેમાં ધર્માસ્તિકાય વગેરે એક ને અખંડ પદાર્થ હોવા છતાં તેને જુદા પાડી તેના સ્કન્ધ દેશ પ્રદેશ આદિમાં ભેદ બતાવેલ છે. તે જ પ્રમાણે જીવના થોડા પ્રદેશોને 'નોજીવ' કહી તેને ભિન્ન માનવમાં કોઈ પણ બાધક નથી, માટે નોજીવને જુદો અંગીકાર કરવો જોઈએ." એમ શ્રી રોહગુપ્ત મુનિએ પૂર્વપક્ષ કર્યો.

"જો તમે આગમપ્રમાણથી ચર્ચા કરવા માગતા હો તો તમારે એક ખ્યાલ રાખવો જોઈએ કે-જે આગમોને તમે પ્રમાણભૂત માનો છો તેથી વિરુદ્ધ જઈ શકો નહીં. આગમમાં સ્થળે સ્થળે જીવ અને અજીવ એ બે જ રાશિ છે એવા પાઠ ઉપલબ્ધ થાય છે. સ્થાનાંગસૂત્રમાં બીજા સ્થાનકમાં બે રાશિઓ પ્રરૂપી છે તે આ પ્રમાણે: "[1]બે રાશિ જણાવી છે. તે આ પ્રમાણે-જીવો અને અજીવો." અનુયોગદ્વાર સૂત્રમાં શ્રી ગૌતમસ્વામી મહારાજ પ્રશ્ન પૂછે છે કે-"હે [2]ભગવન્! કેટલાં દ્રવ્યો પ્રરૂપ્યાં છે?" તેના ઉત્તરમાં પ્રભુએ પ્રતિપાદન કરેલ છે કે-"ગૌતમ! બે દ્રવ્યો પ્રરૂપ્યાં છે, તે આ પ્રમાણે. જીવ દ્રવ્યો અને અજીવ દ્રવ્યો." વળી શાસનાધિપતિ શ્રી મહાવીરસ્વામી ભગવન્તે પોતાના જ શ્રીમુખે દિવાળીના દિવસે અન્તિમ ઉપદેશ આપતાં, જે ઉત્તરાધ્યયસૂત્રના ૩૬ અધ્યયનો પ્રકાશ્યાં તેમાં પણ "[3]જીવો

---

१ "दुवे रासी पण्णत्ता तंजहा, जीवा चेव अजीवा चेव ।"

२ कइविहाणं भन्ते! दव्वा पण्णत्ता! गोयमा ! दुविहा पण्णत्ता, तंजहा–
जीवदव्वा य अजीवदव्वा य ।

३ जीवा चेव अजीवा य, एसलोए वियाहिए' (अध्ययन–३६ गाथा २ पूर्वार्ध)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને અજીવો એ લોક જાણવો." એ પ્રમાણે ફરમાવ્યું છે. માટે રાશિ તો બે જ છે, ત્રીજી કોઇ રાશિ નથી" એ પ્રમાણે ઉત્તરપક્ષ થયો.

"જો આપ બે રાશિ માટે આગ્રહ રાખતા હો તો ધર્માસ્તિકાય વગેરેના જે ૧૪ ભેદો પ્રરૂપ્યા છે તેનું શું થશે? માટે જે પ્રમાણે એ ભેદ મનાય છે તે પ્રમાણે નોજીવ માનવામાં શું બાધા છે?" પુનઃ પૂર્વપક્ષવાદીએ પ્રશ્ન કર્યો.

"ધર્માસ્તિકાય વગેરેના જે ભેદો બતાવ્યા છે, તે તો તે તે દ્રવ્યોનું સ્વરૂપ સ્પષ્ટ સમજાય માટે બતાવ્યા છે. જેમ ઘટાકાશ પટાકાશ મહાકાશ વગેરે પ્રયોગો આકાશના ભેદો સમજાવવા માટે બતાવાય છે, પણ તેથી કંઇ આકાશથી ઘટાકાશ વગેરે જુદા સ્વતંત્ર પદાર્થ તરીકે માની શકાતા નથી, એ જ રીતે ધર્માસ્તિકાયના સ્કન્ધ દેશ પ્રદેશ ભેદો વિવક્ષા માત્રથી સમજવાના છે, પણ સ્વતંત્ર પદાર્થ તરીકે માનવાના નથી. એ પ્રમાણે વિવક્ષા માત્રથી માનેલા પદાર્થને સ્વતંત્ર પદાર્થ તરીકે માનવામાં આવે તો અનંત રાશિઓ માનવી પડે. ત્રણ રાશિ માનવાથી તેનો નિસ્તાર ન થઈ શકે, માટે આગમથી અવિરુદ્ધ એવી બે જ રાશિ માનવી તે આગમપ્રમાણ સમ્મત છે." એ પ્રમાણે ઉત્તરપક્ષવાદીનો ઉત્તર થયો.

**દિવસ છઠ્ઠો**

"સમભિરૂઢ નયથી 'નોજીવ'ની સિદ્ધિ થાય છે, સમભિરૂઢ નય જે શબ્દનો જે અર્થ થતો હોય તે અર્થને જ જણાવે છે. નો શબ્દનો નિષેધ અર્થ થાય છે તે પ્રમાણે દેશ–અમુક વિભાગ–એ પણ અર્થ થાય છે. ઘટનો એક ખંડ 'નોઘટ' કહેવાય છે તેમ જીવના થોડા પ્રદેશો 'નોજીવ' કહેવાય '**जीवे य से पएसे य से पएसे नोजीवे**' (જીવ એવા જે પ્રદેશો તે પ્રદેશો 'નોજીવ') એ અનુયોગદ્વાર સૂત્રનું કથન પણ સમભિરૂઢ નયને મતે 'નોજીવ' માનવામાં આવે તો જ સંગત થાય. જો 'નોજીવ' ન માનીએ, તો અનુયોગદ્વાર સૂત્ર અને સમભિરૂઢ નયનો વિરોધ આવે માટે 'નોજીવ' માનવો જોઇએ" પૂર્વપક્ષ.

"સમભિરૂઢ નયથી તમે 'નોજીવ'ની જુદી સિદ્ધિ કરો છો તે યથાર્થ નથી. નો શબ્દનો અર્થ 'દેશ' થાય છે તે બરાબર છે. સમભિરૂઢ નય શબ્દાર્થમાત્રગ્રાહી છે તે પણ સત્ય છે. તેથી જીવના થોડા પ્રદેશોને સમભિરૂઢ નય 'નોજીવ' એ પ્રમાણે સંબોધે, પણ તે નય 'નોજીવ જીવ અને અજીવથી એક જુદો સ્વતંત્ર પદાર્થ છે' એમ સિદ્ધ કરે નહીં. એક જ વ્યક્તિને જુદા જુદા અર્થમાં શોભવાને દીપવાને કારણે ઈન્દ્ર કહે, પુરનું દારણ કરવાને કારણે પુરન્દર કહે, દેવ ઉપર આધિપત્ય–સ્વામિત્વ ભોગવવાને કારણે દેવાધિપતિ કહે, એમ જુદા જુદા શબ્દોથી સમ્બોધે પણ વ્યક્તિભેદ કરી શકે નહીં."

**દિવસ સાતમો**

ઉત્તરપક્ષ ચાલુ: સમભિરૂઢ નયની વધુ ચર્ચા—

"વળી તમારો આગ્રહ હોય કે સમભિરૂઢ નય વ્યક્તિભેદ સ્વીકારે છે ને તે નયને મતે 'નોજીવ' જુદી ચીજ છે, તો તે જ નયને અભિમત એવી 'નોઅજીવ' નામની વસ્તુ પણ તમારે જુદી માનવી પડશે. ને તેથી ત્રણ રાશિ સિદ્ધ ન થતાં ચાર રાશિ સિદ્ધ થશે. વળી એક નયને જે અભીષ્ટ હોય તે કંઇ સર્વ નય સમ્મત ન થઇ શકે. અને જ્યાંસુધી નયોનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિરોધ રહે ત્યાં સુધી તે વસ્તુ સિદ્ધાન્ત તરીકે સ્વીકારી શકાય નહીં. માટે જ ઋજુસૂત્ર નયને માન્ય સવર્થા ક્ષણિકત્વ બીજા નયો સ્વીકારતા ન હોવાને કારણે અપસિદ્ધાન્ત છે–મિથ્યાત્વ છે. એ જ પ્રમાણે 'નોજીવ' ભલે સમભિરૂઢ નય સ્વીકારે તોપણ અન્ય નયોનો વિરોધ હોવાથી સિદ્ધાન્ત તરીકે માની શકાય નહીં. સિદ્ધાન્ત તો અન્ય નયોના અવિરોધે જ મનાય. માટે જીવ અને અજીવ એમ બે જ રાશિ છે, પણ ત્રણ રાશિ નથી.

અનુયોગદ્વારસૂત્રમાં પણ સમભિરૂઢ નયને અનુલક્ષીને કહેલ છે. 'નોજીવ'ને જુદી રાશિ માનવાનું ત્યાં કથન નથી, માટે તેનો પણ વિરોધ સંભવતો નથી." ઉત્તરપક્ષ સંપૂર્ણ.

(૧૦)

"મંત્રીજી! આ બન્ને મુનિમહારાજાઓ મહિનાઓ થયા વાદ–શાસ્ત્રાર્થ કરે છે, પણ હજુ સુધી કંઈ નિર્ણય ઉપર આવતા નથી તો હવે આપણે પૂછવું જોઈએ કે તમારો આ શાસ્ત્રાર્થ કેટલા દિવસ ચાલશે."

"જી. આપનું કહેવું સત્ય છે. પ્રજામાં પણ હવે ચર્ચા ચાલે છે કે રાજા સાહેબ છછ મહિનાઓ થયા પ્રજાની કંઈ પણ ફરિયાદ સાંભળતા નથી અને બે મહારાજના વાદમાં સમય વીતાવી દે છે. માટે કાં તો પ્રજાના ન્યાયને માટે જુદી વ્યવસ્થા કરવી જોઈએ, નહીં તો મહારાજોને આ વાદનો જલદી નિકાલ લાવવા સૂચવવું જોઈએ."

"સારું, હું આચાર્ય મહારાજને સૂચવું છું. આવા મહાન વિદ્વાનો આપણા રાજ્યમાં છે એ ગૌરવ લેવા જેવું છે, છતાં એ ગૌરવથી કંઈ પણ રાજ્યની હાનિ તો ન જ થવી જોઈએ"

× × ×

"ભગવન્! આપ ઘણા દિવસથી આ ગંભીર વિષયમાં જે શાસ્ત્રાર્થ ચલાવો છે તેનું કંઈ ફળ કે કંઇ નિર્ણય તાત્કાલિક આવે તેમ જણાય છે કે નહિ?" રાજાએ આચાર્ય મહારાજને પ્રશ્ન પૂછ્યો.

"રાજન્! આ રોહગુપ્ત જિનેશ્વરકથિત સિદ્ધાન્તની વિરુદ્ધ પ્રરૂપણા કરે છે. એ વિદ્વાન છે, સમજે તો સારું એમ સમજી અમે તેને સમજાવવા પ્રયાસ કર્યો, પણ એ સમજે તેમ જણાતું નથી. પણ આથી એટલું જરૂર છે કે હવે તે વિશેષ અનર્થ નહીં કરી શકે." આચાર્ય મહારાજે જવાબ આપ્યો.

"તો આપ તાત્કાલિક કંઈ આ પ્રસંગનો પાર આવે એવું કરો તો સારું. મારે પ્રજાના કેટલાંએક નિવેદન સાંભળવાને રોકાવું પડશે. જો આપનો શાસ્ત્રાર્થ ચિરસમય ચાલે તેમ હોય તો આપને માટે જુદી વ્યવસ્થા કરાવું."

"નહીં નહીં, જુદી વ્યવસ્થા કરવાની કંઇ જરૂર નથી. આ તો તમે શ્રવણ કરતા હતા અને તમને કંઈપણ અડચણ નહીં હોય એમ જાણી આટલા દિવસ સુધી લાંબું વિવેચન ચાલ્યું. પ્રથમથી જો સૂચના કરી હોત તો ક્યારનો નિવેડો આવી ગયો હોત. સારું, આવતી કાલે આ પ્રસંગનો પાર આવી જશે."

× × ×

"રોહગુપ્ત! 'નોજીવ' છે કે નહીં એ સમ્બન્ધમાં વિચાર કરતાં, વાદ ચલાવતાં, આપણી વચ્ચે છ માસ વીત્યા, તોપણ તમારાથી 'નોજીવ' સિદ્ધ થયો નથી. તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક યુક્તિ–પ્રયુક્તિઓથી સમજાવ્યા છતાં 'નોજીવ' નથી એ મારું કથન તમે સ્વીકારી શક્યા નથી. રાજા સાહેબે પોતાની સભાનાં કાર્યો મુલતવી રાખી આપણી આ ચર્ચા આજ સુધી શ્રવણ કરી અને જો આ પ્રમાણે આપણો શાસ્ત્રાર્થ ચાલુ રહે તો તેનો વર્ષો સુધી પણ પાર આવે તેમ જણાતું નથી. માટે 'નોજીવ' છે કે નહીં તેનો નિકાલ લાવવા માટે એક ઉપાય છે, તે જો તમને કબૂલ હોય ને તમે માન્ય રાખતા હો તો તાત્કાલિક નિર્ણય થઇ જાય."

"એ ઉપાય આપ ફરમાવો. ઉપાય ઉચિત ને યથાર્થ હશે તો મને માનવામાં કંઈ પણ વિરોધ નથી."

"રાજન્! આ શાસ્ત્રાર્થનો નિકાલ લાવવા માટે એક ઉપાય છે, જેમાં આપને થોડી જહેમત ઉઠાવવાની છે. તે જો આપ માન્ય કરતા હો તો એ ઉપાય જણાવું."

"આપ બન્નેને તે ઉપાય અનુકૂલ ને સ્વીકૃત હોય તો થોડી જહેમત વધારે કરવામાં મને કંઈ અડચણ નથી. આપ ઉપાય ફરમાવો."

"આપે સાંભળ્યું હશે કે જગત્‌માં જે કોઇ વસ્તુ વિદ્યમાન છે તે દરેક વસ્તુ આ ભૂલોકમાં મળી શકે છે. જે આપણ( દુકાન )માં તે વેચાય છે તેને 'કુત્રિકાપણ[1]' કહેવામાં આવે છે. ભૃગુકચ્છ ( ભરૂચ ), ઉજ્જયિની વગેરે નગરોમાં એવી આપણો હાલ પણ છે. આપણે અહીં નજીકમાં એવી જે આપણ હોય ત્યાં જઇને 'નોજીવ'ની માંગણી કરીએ. જે વેપારીની તે આપણ હોય છે, તે વેપારી દેવની[2] આરાધના કરી પોતાની આપણ તેથી અધિષ્ઠિત કરે છે. દુનિયાના કોઇપણ વિભાગમાં રહેલી વસ્તુ ઉચિત મૂલ્ય આપી ત્યાં માંગવામાં આવે તો તે વેપારી દેવ પાસે તે વસ્તુ મંગાવીને આપે છે ને મૂલ્ય ગ્રહણ કરે છે. જો જગતમાં કોઇપણ સ્થળે 'નોજીવ' નામની વસ્તુ હશે તો ઉચિત મૂલ્ય લઇ આપણને તે વેપારી દેવ પાસે તે વસ્તુ મંગાવી આપશે. અને નહીં હોય તો નહીં આપે."

"મહારાજશ્રી! આપનું કથન યથાર્થ છે. શ્રી રોહગુપ્ત મુનિ! આ 'કુત્રિકાપણ'માં સર્વ વસ્તુનો વિક્રય થાય છે, ને આપણે ત્યાં જઈ 'નોજીવ'ની માંગણી કરીએ, એ વાત આપને સમ્મત છે ને?"

"હા. 'કુત્રિકાપણ' શબ્દનો અર્થ જ એવો થાય છે કે–સ્વર્ગ મૃત્યુ ને પાતાળ એ ત્રણે લોકમાં જે વસ્તુ થાય તેનો વિક્રય કરનારી આપણ. શાસ્ત્રમાં સ્થળે સ્થળે તેનું વર્ણન આવે છે. મોટા મોટા મહીપતિઓ શ્રીમન્તો વગેરે ચારિત્ર ગ્રહણ કરતી વખતે ત્યાં જઇ સવાલક્ષ સોનૈયા દઇ રજોહરણ ( ઓઘો ) આદિ ઉપકરણો ખરીદે છે. આપણે ત્યાં જઇ 'નોજીવ'ની માંગણી કરીએ. જેથી આ તકરારનો તુરત નિકાલ આવી જાય. મને પણ એ અભિમત છે."

---

૧ 'કુત્રિકાપણ'ને 'કુત્રિજાપણ' કેટલાએક કહે છે. ને તેનો અર્થ એવો કરે છે કે, ત્રિજ એટલે ધાતુથી જીવથી અને મૂલથી એમ ત્રણથી જે બને. અર્થાત્ દુનિયામાં વસ્તુમાત્ર આ ત્રણથી બનેલી છે. એ ત્રિજ વસ્તુઓને કુ એટલે પૃથ્વીમાં–ભૂલોકમાં વિતરણ કરે તે કુત્રિજાપણ કહેવાય.

૨ વ્યન્તર દેવ જ વિશિષ્ટ વિશિષ્ટ સ્થળે આવી દુકાનો ખોલે છે ને પોતે જ માંગેલી વસ્તુનો વિક્રય કરીને ઉચિત મૂલ્ય ગ્રહણ કરે છે, તેમાં કોઈ માનવ વેપારી હોતા નથી, એવું પણ કેટલાકનું કથન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"સારૂં, આપ તૈયાર થઈ પધારો હું જવાની સર્વ વ્યવસ્થા–યોજના કરાવું, ને પછી આપણે અહીંથી ત્યાં જઇએ."

(૧૧)

એક જણે પૂછેલા પ્રશ્નનો બીજાએ નીચે મુજબ ખુલાસો આપ્યો :

"હું કોઈ કોઇ દિવસ સાંભળવા માટે જતો હતો ત્યારે ત્યાં 'નોજીવ'ને બદલે તેને લગતા અનેક વિષયોની ચર્ચા ચાલતી. કોઇ વખત જુદા જુદા નયોનો વિચાર તો કોઇ વખત દ્રવ્યોનો વિચાર ચાલતો. એમ ને એમ છ માસ સુધી ચર્ચા ચાલી. છેવટે એક વખત રાજા સાહેબે આચાર્ય મહારાજશ્રીને બોલાવીને આ ચર્ચાનો જલદી અન્ત લાવવા સૂચવ્યું. એટલે આચાર્ય મહારાજે બીજે દિવસે નિકાલ લાવવાનું કહ્યું."

"પછી બીજે દિવસે શું થયું?"

"બીજે દિવસે શાસ્ત્રાર્થ તો ન ચાલ્યો, પણ આચાર્ય મહારાજશ્રીએ એક ઉપાય કર્યો ને તેમાં શ્રી રોહગુપ્ત મુનિ ન ફાવ્યા."

"શું મહારાજશ્રીએ મંત્રપ્રયોગ કરી તેમને હરાવ્યા કે કોઈ બીજો ઉપાય યોજ્યો. શું બન્યું?"

"ના, આચાર્ય મહારાજશ્રીએ મંત્રપ્રયોગ તો કર્યો ન હતો, પરંતુ બહુ જ યોગ્ય ને સર્વમાન્ય ઉપાય બતાવ્યો જે ઉપાય શ્રી રોહગુપ્ત મુનિએ પણ કબૂલ રાખ્યો."

"એવો કયો ઉપાય હતો?"

"તમારા ખ્યાલમાં હશે કે કેટલેક સ્થળે 'કુત્રિકાપણ' નામે આપણ હોય છે, ને ત્યાં આપણે જે વસ્તુ માંગીએ તે મળી શકે છે."

"હા. કેટલેક સ્થળે એવી દુકાનો છે. એ જાણવામાં છે."

"પછી આચાર્ય મહારાજશ્રી રાજાસાહેબ શ્રી રોહગુપ્તમુનિજી મંત્રીવર નગરશેઠ તથા બીજા લોકો વગેરે સર્વે કુત્રિકાપણે ગયા. ત્યાં જઇને 'નોજીવ'ની માંગણી કરી, પણ દેવે 'નોજીવ' આપ્યો નહીં. 'જીવ આપો' એમ કહ્યું ત્યારે મેના, પોપટ, સારસ, હંસ, કોકિલ, કબૂતર વગેરે આપ્યાં. 'અજીવ આપો' કહ્યું ત્યારે પત્થર, માટી, કાષ્ઠ આદિ આપ્યાં. વળી 'નોજીવ'ની માંગણી કરી ત્યારે પત્થર આદિ જ આપ્યા. કારણ કે જીવની સાથે પડેલા નો શબ્દનો અર્થ સર્વથા અભાવ એવો થાય છે. દેશથી અભાવ અર્થ લઇને 'નોજીવ'નો અર્થ જીવનો ખંડ એવો કરે તો તેની લેવડદેવડ થઇ શકતી નથી. તે તો ફક્ત સમજવા પૂરતું જ હોય છે. એટલે અજીવથી જુદો 'નોજીવ' દેવે આપ્યો નહીં. વળી 'નોઅજીવ' આપવા કહ્યું ત્યારે પણ મેના પોપટ વગેરે જ આપ્યાં. ત્યાં પણ સર્વનિષેધ અર્થ પ્રધાન રાખ્યો. એથી સિદ્ધ થયું કે, 'નોજીવ' નામનો કોઇ જુદો પદાર્થ આ લોકમાં છે જ નહીં."

"પછી શું થયું? બધા પાછા આવ્યા?"

"ના. ત્યાં આચાર્ય મહારાજે જુદી જુદી ૧૪૪ વસ્તુની માંગણી કરી. તેમાંથી અમુક મળી, અમુકના ખંડ મળ્યા ને જેના ખંડ થઇ શકે એવું ન હતું તે ન મળી. પણ તેને બદલે તેની વિરોધી વસ્તુ મળી."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"એ એકસો ચુમ્માલીસ વસ્તુના પ્રશ્નો કયા છે?"

"પ્રથમ તો તેમણે 'પુથ્વી દ્યો' એમ કહ્યું, ત્યારે માટીનું ઢેફું આપ્યું."

"માટીનું ઢેફું પૃથ્વી તરીકે કેમ આપ્યું? તે કંઈ સંપૂર્ણ પૃથ્વી નથી. તે તો પૃથ્વીનો એક ખંડ છે. આખી પૃથ્વી તો આપી શકાય નહીં."

"માટીના ઢેફામાં પૃથ્વીનો ઉપાચાર કર્યો, વ્યવહારમાં પણ એવા ઉપાચારથી જ કામ ચાલે છે. જેમ કોઇ કહે કે-મેં બધી જમીન ખરીદી લીધી તો શું દુનિયાની સર્વ જમીન કંઈ તેણે થોડી ખરીદી છે? અમુક વિવક્ષિત જમીનને તે બધી જમીન કહે છે. બધા પંડિતો પધારી ગયા, બધા શિષ્યો આવી ગયા, ત્યાં પણ વિવક્ષિતને જ બધા કહેવાય છે. તે પ્રમાણે માટીના ઢેફાને પૃથ્વી શબ્દથી સંબોધી શકાય, દેશમાં સર્વનો ઉપાચાર કરી શકાય છે."

"પછી શું માંગ્યું?"

"પછી 'અપૃથ્વી' માંગી, ત્યારે પાણી આપ્યું. પછી 'નોપૃથ્વી' માંગી ત્યારે ઢેફાને ભાંગી તેનો એક ટૂકડો આપ્યો. પછી. 'નોઅપૃથ્વી' માંગી ત્યારે, મારે જવું નથી એમ નથી, મારે ખાવું નથી એમ નથી, મારામાં તાકાત નથી એમ નથી વગેરેમાં બે વખત નથી નથી એ પ્રમાણે નિષેધ કરેલ હોવાથી નિશ્ચય પૂર્વક ખબર પડે છે કે મારે જવું જ છે, મારે ખાવું જ છે, મારામાં બળ છે જ, એ પ્રમાણે નોઅપૃથ્વીથી પૃથ્વી આપી શકાય, પણ હેવે ચળુ પાણી આપ્યું. કારણ કે અપૃથ્વીથી પાણી આપ્યું હતું. નોપૃથ્વીથી ઢેફાનો ખંડ આપ્યો હતો. માટે નોઅપૃથ્વીથી થોડું પાણી આપ્યું. એ પ્રમાણે વ્યવહારથી દેશ વગેરે કલ્પી ઉપર પ્રમાણે આપતો. પણ નિશ્ચયથી દેશ દેશી ભેદ છે જ નહીં એટલે ચારે પ્રશ્નના ઉત્તરમાં યથોચિત બે જ વસ્તુ મળતી. જીવ વગેરે નિરવયવ એટલે જેના ખંડ નથી પડતા એવી વસ્તુમાં તો ચારે વખતે પરસ્પર વિરુદ્ધ બે જ વસ્તુ આવતી."

"આ તો તમે ચાર પ્રશ્નો બતાવ્યા. ૧૪૪ પ્રશ્નો કેવી રીતે થાય?"

"નવ દ્રવ્યો, સત્તર ગુણો, પાંચકર્મ, ત્રણ જાતિ, એક વિશેષ અને એક સમવાય, એમ કુલ મળી ૩૬ થયા, તે દરેકના ચાર ચાર પ્રશ્નો પૂછ્યા એટલે ૩૬×૪=૧૪૪ પ્રશ્નો થયા."

"જ્યારે ત્યાંથી 'નોજીવ' ન મળ્યો એટલે સિદ્ધ થયું હશે કે 'નોજીવ' છે જ નહીં. પછી શ્રી રોહગુપ્તનું શું થયું?"

"'નોજીવ' નથી એવું નક્કી થયું એટલે રાજાસાહેબે શ્રી ગુપ્તસૂરિજી મહારાજને ખૂબ સન્માન આપ્યું ને તેમનો વાદમાં વિજય થયો એવું જાહેર કર્યું. રોહગુપ્તને ગુરુની સામે થયા તે કારણે બધા લોકોએ ખૂબ ધિક્કાર્યા, રાજાસાહેબે પણ તે પરાજિત થયેલ એવું કહી રાજસભાથી દૂર કર્યા ને આખા શહેરમાં 'શ્રી વર્ધમાનસ્વામી જિન જયવંતા વર્તે છે,' એવો પડહ દેવરાવ્યો-ઢોલ વગડાવ્યો.

"શ્રી ગુપ્તસૂરિજી મહારાજે રોહગુપ્તને કંઇ કર્યું કે નહીં?"

"હા, આચાર્ય મહારાજે પણ વાસક્ષેપને બદલે કુંડીમાંથી રાખ લઈ તેમના માથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર નાખી નિહ્નવ જાણી સંઘ બહાર કર્યા. સંભળાય છે કે રોહગુપ્ત આગ્રહ અને અભિમાનને અધીન થઈ પોતાનો સ્વતંત્ર મત ચલાવશે."

(૧૨)

શ્રી રોહગુપ્ત સંઘ બહાર થયા પછી સ્વમતિકલ્પના પ્રમાણે પ્રરૂપણા કરવા લાગ્યા. તેમનાથી વૈશેષિક દર્શનનો આરંભ–ઉદય થયો. દ્રવ્ય ગુણ કર્મ સામાન્ય વિશેષ અને સમવાય એમ છ પદાર્થો છે. પૃથ્વી પાણી પાવક (અગ્નિ) પવન ગગન ચેતન કાલ દિશા ને મન એમ નવ દ્રવ્યો છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ ને પ્રયત્ન એ સત્તર ગુણો છે. ઊંચે જવું, નીચે જવું, ફેલાવું, ખેંચાવું (સંકોચાવું) ને ચાલવું, એ પાંચ કર્મ છે. સામાન્યના ત્રણ ભેદ છે. સત્તા સામાન્ય અને સામાન્ય વિશેષ એ પ્રમાણે. તેમાં દ્રવ્ય ગુણ ને કર્મમાં સત્તા રહે છે. દ્રવ્યત્વ–ગુણત્વ વગેરે સામાન્ય છે. ને પૃથિવીત્વ જલત્વ ઘટત્વ પટત્વ વગેરે સામાન્ય વિશેષ છે. વિશેષ એક છે ને સમવાય પણ એક છે. એ પ્રમાણે પ્રરૂપણ કરવા લાગ્યા. બુદ્ધિપ્રતિભા ને પ્રવચન–શક્તિને કારણે તેમના અનુયાયી પણ નીકળ્યા. જૈનદર્શનથી બહાર થયેલ હોવાથી ને બીજા કોઇ દર્શનમાં ભળ્યા સિવાય સ્વતંત્ર વિચારણા ફેલાવી હોવાથી ક્રિયાકાંડની વ્યવસ્થાથી તેમનો પંથ ન ચાલ્યો. પણ વિચારણાના પ્રવાહે આજ સુધી એ વૈશેષિક દર્શનનો મત ચાલે છે. ઉલૂક ગોત્રીય હોવાને કારણે અને છપદાર્થનું નિરૂપણ કરેલ છે માટે તેમના દર્શનનું બીજું નામ ષડુલૂક પણ કહેવાય છે. ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, સંસ્કાર, પુણ્ય, પાપ, અને શબ્દ, એ સાત ગુણો પછીથી ટીકાકારોએ ઉમેર્યા છે. એમ વૈશેષિક દર્શનમાં હાલ ૨૪ ગુણો ગણાવાય છે. શ્રી રોહગુપ્ત જૈનદર્શનમાંથી બહાર થયેલ હોવાથી ચિરસમયના આ દર્શનના સંસ્કાર હોવાને કારણે તેમણે આ ઉપરોક્ત સાતને ગુણ તરીકે ગણાવ્યાં નહીં. જૈનદર્શનમાં ગુરુત્વનો સ્પર્શમાં સમાવેશ થાય છે, દ્રવત્વ સંયોગ વિશેષ છે, સ્નેહ સ્પર્શવૃત્તિ છે, સંસ્કાર ધારણા નામે મતિજ્ઞાનનો ભેદ છે, પુણ્ય પાપ કર્મવિશેષ છે, અને શબ્દ પુદ્‌ગલ છે. પાછળના ટીકાકારો ઇતર દર્શનમાંથી આ દર્શનના અનુયાયી થયા હોવાને કારણે તેમણે આ સાત ગુણો વધાર્યા.

એ રીતે, શ્રી રોહગુપ્ત નિહ્‌નવ છેવટ સુધી સમજ્યા વગર મિથ્યાત્વમાં રહી, મિથ્યાત્વદર્શન શરૂ કરી ભવભ્રમણના ભાગી થઇ કાળના પ્રવાહમાં તણાઈ ગયા. આ પ્રસંગ પ્રભુ વીરના નિર્વાણ બાદ ૫૪૪ વર્ષે બન્યો. આ વાત ટૂંકમાં નિર્યુક્તિકારે જણાવી છે, તે આ પ્રમાણે–

**पंच सया चोयाला, तइआ सिद्धिं गयस्स वीरस्स ।**
**पुरिमंतरंजियाए, तेरासियदिट्ठि उप्पन्ना ।**
**पुरिमंतरंजि भूयगिह, बलसिरी, सिरिगुत्तेय ।**
**परिवायपोट्टसाले, घोसणपडिसेहणा वाए ।**

શેષ વિસ્તાર ભાષ્યકારે કરેલ છે. (ચાલુ)

## સ્વીકાર

**દિવ્યદર્શન**—ખંડ ૧–૨. લેખક અને સંગ્રાહક–શ્રી જિણભિકખૂ, પ્રકાશક–શ્રી જૈન સ્વાધ્યાય મંદિર, સાવરકુંડલા (કાઠિયાવાડ), પૃષ્ઠસંખ્યા ૫૨ + ૨૮૪. અમૂલ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થાનકવાસી સમાજનું નવું ૩૩મું આગમ
# સમુત્થાન-સૂત્ર

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી જયાનંદવિજયજી
[ પૂ. પં. શ્રી. ધર્મવિજયજીગણિશિષ્ય. ]

સ્થાનકવાસી સમાજ મૂળ ૩૨ આગમો માને છે તે જગજાહેર વાત છે. તે સંપ્રદાયે ૩૨ આગમોમાં સ્પષ્ટતયા મૂર્તિ-પૂજાનું વિધાન હોવા છતાં તેનો વિરોધ કરેલ છે. સ્થા. સંપ્રદાય એક બાજુ જોરશોરથી ડિંડિમનાદે જાહેર કરે છે કે મૂલ ૩૨ સિવાય કોઈ પણ આગમ વિદ્યમાન નથી, કારણ કે મૂલ ૩૨ આગમ સિવાયના બીજા બધા આગમો વિચ્છેદ ગયા છે. ત્યાં બીજી જ બાજુ તે સંપ્રદાયવાળાઓ નવું ૩૩ મું આગમ 'સમુત્થાન-સૂત્ર' હયાતીમાં લાવ્યા છે. આ 'સમુત્થાનસૂત્ર'' પ્રસિદ્ધિમાં કયાંથી આવ્યું તેનું કારણ જાણવું જોઈએ.

આજે સ્થા. સમાજને કેવળ ૩૨ આગમ, ટીકાઓને છોડીને, કેવળ મૂળમાત્ર માનવાથી ચાલે તેવું નથી. કેટલાય ક્રિયાકાંડો અને બીજી ઘણી પ્રચલિત વસ્તુઓ ૩૨ આગમમાં નહિ હોવા, છતાં તેમને સ્વીકારવી પડી છે.

સ્થા. સમાજને મૂર્તિ-પૂજાના વિષયમાં તથા મુખે મુહપત્તિ બાંધવી વગેરે સાંપ્રદાયિક વિષયોની ચર્ચામાં અવસરે પ્રમાણોના અભાવે મૌન સ્વીકારવું પડયું છે. અને તે જ મૌનના પ્રતાપે ઘણા લોકોની તે મત ઉપરની શ્રદ્ધા ઊઠી ગઈ છે. અને અનેક પાપભીરૂ આત્માઓ તે સંપ્રદાયના દીર્ઘકાળના દીક્ષિત હોવા છતાં, અવસરે સત્ય જણાતાં તે મતને છોડી ગયા છે. અને અનેક આત્માઓ બોધિ-બીજની પ્રાપ્તિના કારણભૂત એવા જિનેશ્વર ભગવંતની પ્રતિમાના પૂજન-દર્શનના અનુરાગી આજે બની રહેલા જોઈ શકાય છે.

સાચી પરિસ્થિતિ આવી હોવાથી જતે દિવસે સ્થા. સમાજ નામશેષ ન થઈ જાય તેવી દાઝને ધારણ કરનાર બોટાદ સંપ્રદાયના સ્થા. સાધુ માણેકચંદ્રજીના શિષ્ય મુનિ શ્રી શિવલાલજીએ પોતાની જે જે માન્યતાઓ ૩૨ આગમમાં શોધી જડતી નહોતી અને પોતે જે વસ્તુ માનતા હતા તેની સિદ્ધિ માટે નક્કર (?) પુરાવા તરીકે તેમણે આ 'સમુત્થાન-સૂત્ર'નું સંપાદન કર્યું છે. સંપાદક મહાશય પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે—

"એક યતિના ભંડારમાં ઘણી પોથીઓ હતી. તે દરેક પોથીમાં છૂટાં છૂટાં પાનાં હતાં, અને સમુદ્રમાંથી જેમ મોતી મેળવે તેની માફક મહામહેનતે કરી દરેક પાનાં ભેગાં કર્યાં, કે જેના યોગે 'સમુત્થાન-સૂત્ર'ની હયાતી થઈ" વગેરે વગેરે.

પ્રશ્ન અહીં એ જ થાય છે કે તેમને આ પ્રત કયા યતિજીના ભંડારમાંથી મળી ? આ સૂત્રની પ્રત કયારે અને કયાં લખાઈ? પ્રતના પ્રાન્તે પ્રશસ્તિ હતી કે નહિ ? પ્રશસ્તિ આદિ હતું તો પ્રસિદ્ધ કરવામાં શું વાંધો આવ્યો ? વગેરે શંકાઓનો પ્રાદુર્ભાવ થાય છે.

વિચક્ષણ પુરુષો સમજી શકે છે કે દરેક પ્રતોમાંથી પાનાં મેળવવામાં તે કઈ જાતની મહેનત કહેવાય ? ખરેખર, અજ્ઞ લોકને આંખે પાટા બાંધવા માટે જ મુનિશ્રીએ મહેનત લીધી લાગે છે. અને પોતાના સંપ્રદાયનું કઇ રીતે અસ્તિત્વ રહે તે જ જાતની તમન્ના સેવનાર મુનિશ્રીએ આ પરિશ્રમ કર્યો લાગે છે. તે મુનિશ્રીએ કેવી કુનેહભરી રીતે એ સંપાદનકાર્ય કર્યું છે તે સૂત્ર વાંચતાં જ જણાઈ આવે તેવું છે. અસ્તુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'સમુત્થાન-સૂત્ર' મૂળ અર્ધ-માગધી ભાષામાં છે. તે મૂળ ભાષા આધુનિક લાગે છે. તે અભ્યાસના જાણકારોએ વ્યાકરણની દૃષ્ટિએ ખાસ વિચારણીય છે. મૂળ સૂત્રોનું ગુજરાતીમાં ભાષાંતર મુનિશ્રીએ કર્યું છે. એ ગુજરાતી ભાષા પણ વ્યાકરણશુદ્ધ હશે કે કેમ તે શંકાસ્પદ છે.

તેમણે સંપાદિત કરેલ આ 'સમુત્થાન-સૂત્ર' એક અધ્યયન રૂપે છે, અને તેના આઠ ઉદ્દેશાઓ છે. શ્રી ગૌતમસ્વામીજી પૂછે અને ભગવાન મહાવીરસ્વામીજી જવાબ આપે એ રીતે પ્રશ્નોતરી રૂપે તેમાં ગોઠવણી કરી છે. તેમાં નીચેના વિષયો મુખ્યત્વે છે—

| | | |
|---|---|---|
| ૧ લા | ઉદ્દેશામાં | આચાર્ય મહારાજ કેટલા પ્રકારના વગેરે |
| ૨ જા | ,, | દીક્ષા કયા યોગમાં આપવી વગેરે |
| ૩ જા | ,, | દીક્ષા-વિધિ, ઉપકરણો વગેરે |
| ૪ થા | ,, | સાધુ-સામાચારી |
| ૫ મા | ,, | છ આવશ્યકની વિધિ |
| ૬ ઠ્ઠા | ,, | એકથી ૩૬ બોલ |
| ૭ મા | ,, | કાલભાવને દેખાડનાર |
| ૮ મા | ,, | અનશન-વિધિ |

આ પ્રમાણે ૮ ઉદ્દેશાઓ છે તેમાં મુખ્યતયા નીચે પ્રમાણે ચર્ચાસ્પદ વસ્તુઓ આવે છે—

(૧) મુહપત્તિ મુખે બાંધવી. મુહપત્તિ મુખ ઉપર બાંધે નહિ તેને અતિચાર.

(૨) જિન-કલ્પીને દોરા સહિત મુહપત્તિ મુખ ઉપર બાંધવાનું વિધાન.

(૩) જિન-પ્રતિમા કરાવે તેને તથા પ્રતિષ્ઠા કરાવનારને શું લાભ? શ્રી ગૌતમસ્વામીજીના આ પ્રશ્નમાં ખુદ ભગવાન જવાબ આપે છે કે કર્મ-બંધ, અને અજીવમાં જીવ માન્યો અને ષટ્કાયની વિરાધના આદિના યોગે **મહામિથ્યાત્વ** લાગે.

(૪) ભસ્મરાશિનો ગ્રહ જ્યાંસુધી પૂરો ન થયો તે દરમિયાન થયેલા મહાન પ્રાભાવિક શાસન ધુરંધર આચાર્યદેવાદિ ઉપર કારમો ઘા કરી યદ્વાતદ્વા લખ્યું છે.

(૫) દીક્ષાવિધિમાં મુખ ઉપર મુહપત્તિ દોરા સહિત બાંધવાનું વિધાન.

(૬) ખુદ તીર્થંકર ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા જિનને વંદના કરે છે તેવું બાલીશ કથન.

આવા આવા ચર્ચાસ્પદ કપોલ-કલ્પિત મુદ્દાઓનું સંપ્રદાયવ્યામોહના કારણે જ, તેમાં પ્રતિપાદન કર્યું છે. અને આ રીતે એક કલ્પિત આગમનો ઉદ્ભવ થયો છે.

આના માટે પૂ. વિદ્વાન્ આચાર્ય મહારાજ આદિ જે યોગ્ય-ઘટતું કરવું લાગશે તે કરશે જ તેમ આશા રાખું છું.

કોઇપણ વિદ્વાન્ વિચારક આત્મા મધ્યસ્થ દૃષ્ટિએ 'સમુત્થાન-સૂત્ર'નું જો નિરીક્ષણ કરશે તો તેને આ સૂત્ર કપોલ-કલ્પિત, બનાવટી અને ઘડી કાઢેલું લાગ્યા સિવાય રહેશે નહિ.

આ સૂત્ર જેને મંગાવવાની ઇચ્છા હોય તેને નીચેના ઠેકાણે મળી શકે છે તેમ સૂત્રમાં જાહેરાત કરી છેઃ શા. સોમચંદ ટોકરશી, જ્ઞાનવર્ધક પુસ્તકાલય, ઠે. વારીયાનો ડેલો, **જામનગર**-કાઠીયાવાડ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિક્રમની ચૌદમી શતાબ્દિમાં રચાયેલ સુપ્રસિદ્ધ શ્વેતાંબરીય જૈનકૃતિ "રત્નાકરપચ્ચીસી"નું દિગંબરીય રૂપાંતર

**[ દિ. પં. કે. ભુજબલી શાસ્ત્રીકૃત 'आत्मनिवेदनम्'નું રહસ્ય અને પત્રવ્યવહાર ]**

[ લખનૌથી અંગ્રેજી ભાષામાં પ્રગટ થતા "જૈન ગેઝેટ" નામના દિગમ્બર માસિક પત્રના ગયા માર્ચ મહિનાના અંકમાં આરાવાળા દિગમ્બર પંડિત કે. ભુજબલી શાસ્ત્રીએ રચેલ "**आत्मनिवेदनम्**" નામક સંસ્કૃત કાવ્ય તેના અંગ્રેજી અનુવાદ સાથે પ્રગટ થયું છે. આ કાવ્ય તરફ અમારું ધ્યાન જતાં તેમાંના અડધા ઉપરાંતના શ્લોકો શ્વેતાંબરીય જૈન કાવ્ય '**रत्नाकरपच्चीसी**'માંના શ્લોકોના કેવળ શબ્દાન્તરરૂપ જ લાગ્યા. '**रत्नाकर-पच्चीसी**'માં કુલ ૨૫ શ્લોકો છે, જેમાંના ૨૪ શ્લોકો ઉપજાતિ છંદમાં અને પચીસમો શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં છે. "**आत्मनिवेदनम्**"માં કુલ ૨૬ શ્લોકો છે, જેમાંના ૨૫ શ્લોકો ઉપજાતિ છંદમાં અને છત્રીસમો શ્લોક માલિની છંદમાં છે.

આ કાવ્ય જોયા પછી અમને લાગ્યું કે તેના કર્તા અને પ્રકાશકનું ધ્યાન એ તરફ દોરવું જોઈએ. અને તેથી અમે 'જૈન ગેઝેટ'ના તંત્રીની સાથે તેમજ પંડિત કે. ભુજબલી શાસ્ત્રીની સાથે પત્રવ્યવહાર કર્યો. જનતાની જાણ માટે એ સમગ્ર પત્રવ્યવહાર અને બન્ને કાવ્યોના મળતા આવતા શ્લોકો અહીં રજુ કરીએ છીએ.

પંડિત કે. ભુજબલીશાસ્ત્રીએ જે જાતનો જવાબ આપ્યો છે તે, એક પંડિત ગણાતી વ્યક્તિ પાસેથી આશા ન રાખી શકાય તેઓ વિચિત્ર છે. પણ એક દિગંબર વિદ્વાને આવો જવાબ આપ્યો હોવાથી એમાં અમને જરાય આશ્ચર્ય કે અફસોસ નથી થતો. અમને તો પં. ભુજબલી શાસ્ત્રીનો આ પત્ર, છેલ્લાં કેટલાંય વર્ષોથી દિગંબરો શ્વેતાંબરો પ્રત્યે કેવું માનસ ધરાવે છે અને કેવો વર્તાવ રાખે છે તેના નમૂનારૂપ લાગે છે. જ્યાંસુધી પોતાનું કામ સરતું હોય ત્યાંસુધી ઠંડે કલેજે સંપ અને સમન્વયની વાતો કરવી અને જરાક પોતાનો સ્વાર્થ ઘવાય કે પોતાની વાત ઉઘાડી પડવાનો વખત આવે કે તરત દિગમ્બર ભાઈઓ છેડાઈ જાય છે અને શ્વેતાંબરોનાં શાસ્ત્રો કે પૂર્વાચાર્યો ઉપર આક્ષેપ કરવામાં કે શ્વેતાંબરોનાં તીર્થો ઉપર આક્રમણ કરવામાં જરાય પાછી પાની કરતા નથી. પં. કે. ભુજબલી શાસ્ત્રીના પત્રમાં આ જ વસ્તુ વાચકો જોઈ શકશે. પત્રનો આગળનો ભાગ વાંચ્યા પછી, એ જ પત્રમાં પંડિતજીએ લખેલ પોતાની કવિતાની પ્રશંસાના શબ્દો અને અંતમાં લખેલી એકતાની વાત પંડિતજીના મુખમાં કેવી શોભે છે!!! —**તંત્રી**]

## પત્રવ્યવહાર

**'જૈન ગેઝેટ'ના તંત્રીને લખેલ પત્ર.**

अमदावाद, ता. १२-४-४३

**श्रीमान् बाबू अजीतप्रसादजी**

**संपादक "जैन गजट" (अंग्रेजी) की सेवामें, लखनौ**

**महाशयजी,**

'जैन गजट' के पुस्तक ४०, अंक ३, मार्च १९४३ के अंकमें पंडित के. भुजबली शास्त्रीकृत 'आत्मनिवेदनम्' नामक एक संस्कृत कविता छपी है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यह 'आत्मनिवेदनम्' पं. के. भुजबली शास्त्रीकी स्वतंत्र रचना नहीं है, किन्तु एक प्राचीन श्वेताम्बरीय काव्यका अनुकरण मात्र ही है, जिसका नाम 'रत्नाकरपंचविंशति' है और जिसे १४ वीं शताब्दिमें श्रीमान् रत्नाकरसूरिजीने बनाया है।

आपकी जानकारीके लिये उसकी एक प्रति बुकपोस्टसे भेजी जाती है। इससे आप देख सकेंगे कि 'आत्मनिवेदनम्' का 'रत्नाकरपंचविंशति' के साथ छंद, शब्द, भाषा, और संकलनामें कितना साम्य है।

इस प्रकार अन्य ग्रन्थकारका ऋण न स्वीकार करके ऐसी रचना अपने नाम चडा लेनेसे धर्म या साहित्यकी सच्ची सेवा नहीं हो सकती। इससे तो—श्वेतांबर ग्रंथोंको सामने रखकर कई दिगंबर ग्रन्थकी रचना की गई है—इस दोषारोपणका समर्थन मात्र ही होता है।

आशा है इस विषयमें आप अपना अभिप्राय आपके पत्रके आगामी अंकमें अवश्य प्रकाशित करेंगे। और साथका पत्र पं. भुजबलीजीको भेजदेगें। (डाकव्ययके लिये ०—१—६ के टीकट भेजे हैं)

हमारे योग्य सेवा लिखें। पत्रोत्तर अवश्य दें।

भवदीय

**रतिलाल दीपचंद देसाई,** व्यवस्थापक

પં. કે. ભુજબલી શાસ્ત્રીને લખેલ પત્ર.

अमदावाद, ता. १२—४—४३

**श्रीमान् पंडित के. भुजबली शास्त्रीकी सेवामें, आरा**

**महाशयजी,**

'जैन गजट' (अंग्रेजी) मासिकके पुस्तक ४०, अंक ३, मार्च १९४३ के अंकमें आपकी 'आत्मनिवेदनम्' शीर्षक एक कविता प्रकट हुइ है।

यह कविता आपकी स्वतंत्र रचना नहीं है, किन्तु चौदहवीं शताब्दिमें पूज्य आचार्य रत्नाकरसूरिजीरचित 'रत्नाकरपंचविंशति' नामक श्वेतांबरीय काव्यकी अनुकृति मात्र ही है यह आप जानते हैं।

इस प्रकार परायी कृतिमें अल्प—अधिक हेरफेर करके उसे अपने नाम चडालेना उचित नहीं है। जिस कृतिको देखकर आपको नयी कृति बनानेकी प्रेरणा मिली उस कृतिका ऋण—स्वीकार करनेमें आपको कोई हानि न होती।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आशा है अब भी आप, जनताके समक्ष सत्य परिस्थिति रखनेके लिये, 'जैन गजट' के आगामी अंकमें इस संबंधमें अपना अभिप्राय प्रकट करेंगे और इस भूलको सुधार लेंगे। विशेष कया ? हमारे योग्य कार्य लिखें। पत्रोंतर अवश्य दें।

भवदीय

**रतिलाल दीपचंद देसाई,** व्यवस्थापक

'જૈન ગેઝેટ'ના તંત્રીનો જવાબ+

Ajitashram, Lucknow. 22-4-43

Dear Sir,

Your letter of 12-4-43. We have forwarded your letter to Pandit K. Bhruja Bali Shastri at Arrah for such action as he may consider necessary and proper. We are noticing the fact in our May issue.

Sincerely Yours
Ajit Prasada

**'જૈન ગેઝેટ'ના તંત્રીને લખેલ બીજો પત્ર.**

अमदावाद, ता. ११-५-४३

**श्रीमान् बाबू अजितप्रसादजीकी सेवामें,**

आपका तारीख २२-४-४३ का पत्र मिला था। उस पत्रमें आपके लिखे अनुसार 'जैन गजट' के मइ (May) माहके अंकमें 'आत्मनिवेदनम्' के संबंधमें कुछ निवेदन पढने की आशा थी, किन्तु अंक देखने पर वह सफल न हुई। जब आपने निवेदक करनेको लिखा था फिर ऐसा कयों हुआ ? समझमें नहीं आता।

कृपया पत्रोत्तर दें। सेवा लिखे।

भवदीय

**रतिलाल दीपचंद देसाई,** व्यवस्थापक.

× આ અંગ્રેજી પત્રનો આશય આ પ્રમાણે છે—

તમારો તા. ૧૨ ૪-૪૩નો પત્ર મળ્યો. તમારો પત્ર અમે પં. કે. ભુજબલી શાસ્ત્રીને આરા મોકલી આપ્યો છે, જેથી તેમને યોગ્ય અને જરૂરી લાગશે તેવું પગલું તેઓ લઈ શકે. અમે આ હકીકતની અમારા મે મહીનાના અંકમાં નોંધ લઈશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પત્ર લખ્યા પછી પણ 'જૈન ગેઝેટ'ના તંત્રી તરફથી અમને કશો જવાબ નથી મળ્યો, તેમજ તેમણે એ સંબંધી કશી નોંધ 'જૈન ગેઝેટ'માં નથી લીધી એ દિલગીર થવા જેવું છે.

**પંડિત કે. ભુજબલી શાસ્ત્રીનો પત્ર.**

आरा, १४–५–१९४३

**मान्यवर,**

सप्रेम जयजिनेन्द्र ।

आपका ता. १२–४–४३ का पत्र देश से लौटने पर मुझे मिला । आपने 'जैन–गजट' (अंग्रेजी) भाग ४०, अं. ३ में (अंग्रेजी अनुवाद के साथ) प्रकाशित मेरी 'आत्मनिवेदनम्' शीर्षक कविता पर आक्षेप किया है । महाशयजी, मैं श्रीरत्नाकरसूरिजी का ही नहीं; श्री अमितगति आदि अन्य कतिपय आचार्य एवं आचार्यतुल्य भूधरदासजी आदि मान्य कवियों का भी चिरऋणी हूं । क्योंकि अपनी उक्त कविता के लिये मैंने उनकी कृतियों से भी अवश्य सहायता ली है । इसके लिये आप खासकर मेरी कविता का अन्तिम अंश बारीकी से फिर एकबार पढनेका कष्ट उठावें । देसाईजी, विशाल जैन साहित्य में ऐसी–ऐसी एक–दो नहीं; सैंकडों कृतियां मौजूद हैं जो कि एक-दूसरेकी भावानुवाद वा छायानुवादमात्र हैं । क्या आप उन मान्य ग्रन्थयर्ताओं को चोर कहने को तैयार हैं ? यदि ऐसी वात है तो, हेमचन्द्रजी जैसे कलिकालसर्वज्ञ भी इस अपवाद से मुक्त नहीं हो सकते हैं । इसी प्रकार 'प्रमाणनयतत्त्वालोकालंकार', 'कर्मप्रकृति' आदि श्वेताम्बर ग्रन्थ पूर्ववर्ती दिगम्बराचार्यों की कृतियों की अनुकृतियां सिद्ध नहीं होगी ? रतिलालजी, इसी प्रकार एक-दूसरे से समानता रखनेवालि कृतियां जैन-साहित्य में पर्याप्त संख्या में उपलब्ध हैं । आपको ज्ञात होना चाहिये कि उन मान्य ग्रन्थकर्त्ताओंका एक मात्र लक्ष्य धर्म एवं लोकसेवा ही रहा है । मेरी यह कविता भी केवल धर्म एवं लोकसेवा के लक्ष्य से ही लिखी गई है; इसमें मेरा काई स्वार्थ नहीं है । बल्कि मैं आपसे निःसंकोच कह सकता हूं कि रत्नाकरजी की कविता की अपेक्षा मेरी कविता में विशिष्टता है । साथ ही साथ साहित्यशास्त्र की दृष्टि से अधिक उपादेय भी है (हां, जैन-गजट' में अशुद्ध अवश्य छप गई है) आशा है कि मेरे इस पत्र से आपको सन्तोष होगा और आप अपने हृदय से अपने पूर्वभाव को निस्संकोच हटा देंगे । योग्य कार्य लिखिये । 'जैन–सिद्धान्त–भास्करे' के परिवर्तन में अपना पत्र भेजकर एकता को बढाइये । इस समय इसीकी मांग है ।

आपका

**के. भुजबली**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે 'રત્નાકરપચ્ચીશી' અને 'આત્મનિવેદનમ્' ના મળતા શ્લોકો જોઈએ.

| 'रत्नाकरपच्चीशी'नो श्लोक | 'आत्मनिवेदनम्' नो श्लोक |
| --- | --- |
| श्रेयःश्रियां मङ्गलकेलिसद्म !<br>नरेन्द्रदेवेन्द्रनतांघ्रिपद्म ! ।<br>सर्वज्ञ ! सर्वातिशयप्रधान !<br>चिरं जय ज्ञानकलानिधान ! ॥ १ ॥ | सर्वज्ञ सर्वेश्वर दोषमुक्त<br>नरेन्द्रनागेन्द्रसुवन्द्यपाद ।<br>नष्टाष्टकर्मातिशयप्रपन्न<br>चिरं जय क्रूरकषायहीन ॥ १ ॥ |
| जगत्त्रयाधार ! कृपावतार !<br>दुर्वारसंसारविकारवैद्य ! ।<br>श्रीवीतराग ! त्वयि मुग्धभावा-<br>द्विज्ञ ! प्रभो ! विज्ञपयामि किंचित् ॥ २ ॥ | सुदर्शनज्ञानबलादियुक्त<br>समस्तसंसारविकारमुक्त ।<br>सद्ध्यानगम्यैकसुखस्वभाव<br>त्वयि प्रभो विज्ञपयामि किंचित् ॥ २ ॥ |
| किं बाललीलाकलितो न बालः<br>पित्रोः पुरो जल्पति निर्विकल्पः ? ।<br>तथा यथार्थं कथयामि नाथ !<br>निजाशयं सानुशयस्तवाग्रे ॥ ३ ॥ | यथा स्वचापल्ययुतोऽतिबालः<br>पितुः पुरो जल्पति निर्विकारः ।<br>तथैव तथ्यं कथयामि स्वामिन्<br>हृदि स्थितं सानुनयस्तवाग्रे ॥ ३ ॥ |
| दत्तं न दानं परिशीलितं च<br>न शालि शीलं न तपोऽभितप्तम् ।<br>शुभो न भावोऽप्यभवद् भवेऽस्मिन्<br>विभो मया भ्रान्तमहो मुधैव ॥ ४ ॥ | दानं न दत्तं न तपोऽपि तप्तं<br>न शास्त्रस्वाध्यायरतोऽभवञ्च ।<br>न पूज्यपूजापि कृता सदैव<br>नीतं विभो जन्म मया वृथैव ॥ ७ ॥ |
| दग्धोऽग्निना क्रोधमयेन, दष्टो<br>दुष्टेन लोभाख्यमहोरगेण ।<br>ग्रस्तोऽभिमानाजगरेण, माया-<br>जालेन बद्धोऽस्मि कथं भजे त्वाम् ? ॥ ५ ॥ | क्रोधाग्निना क्रूरतरेण दग्धो<br>दष्टोऽस्मि लोभेन महोरगेण ।<br>ग्रस्तोऽस्मि मानाह्वयदुर्ग्रहेण<br>बद्धोऽस्मि पाशेन छलाभिधेन ॥ ४ ॥ |
| कृतं मयाऽमुत्र हितं न चेह<br>लोकेऽपि लोकेश ! सुखं न मेऽभूत् ।<br>अस्मादृशां केवलमेव जन्म<br>जिनेश ! जज्ञे भवपूरणाय ॥ ६ ॥ | कृतं मयाऽमुत्र शुभं न किञ्चित्<br>ततोऽत्र लोकेऽपि सुखं न लब्धम् ।<br>निरिन्द्रियज्ञान सुखैकधामन्<br>धृतं मया निष्फलमेव जन्म ॥ ६ ॥ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्वत्तः सुदुष्प्राप्यमिदं मयाप्तं
रत्नत्रयं भूरिभवभ्रमेण
प्रमादनिद्रावशतो गतं तत्
कस्याग्रतो नायक ! पूत्करोमि ॥ ८ ॥

परापवादेन मुखं सदोषं
नेत्रं परस्त्रीजनवीक्षणेन
चेतः परापायविचिन्तनेन
कृतं भविष्यामि कथं विभोऽहम् ? ॥ १० ॥

विमुच्य दृग्लक्ष्यगतं भवन्तं
ध्याता मया मुढधिया हृदन्तः ।
कटाक्षवक्षोजगभीरनाभि–
कटीतटीयाः सुदृशां विलासाः ॥ १३ ॥

लोलेक्षणावक्त्रनिरीक्षणेन
यो मानसे रागलवो विलग्नः ।
न शुद्धसिद्धान्तपयोधिमध्ये
धौतोऽप्यगात्तारक ! कारणं किम् ॥ १४ ॥

अंगं न चंगं न गणो गुणानां
न निर्मलः कोऽपि कलाविलासः ॥
स्फुरत्प्रभा न प्रभुता च काऽपि
तथाऽप्यहंकार कदर्थितोऽहम् ॥ १५ ॥

सद्भोग लीला न च रोगकीलाः
धनागमो नो निधनागमश्च
दारा न कारा नरकस्य चित्ते
व्यचिन्ति नित्यं मयकाऽधमेन ॥ २० ॥

स्थितं न साधोर्हृदि साधुवृत्तात्
परोपकारान्न यशोऽर्जितं च ।
कृतं न तीर्थोद्धरणादिकृत्यं
मया मुधा हारितमेव जन्म ॥२१॥

प्राप्तं मया भूरिभवभ्रमेण
रत्नत्रयं दुर्लभरत्नमत्र ।
नष्टं यदा नाथ मम प्रमादा–
ल्लब्धुं स्वरत्नं कथयामि कन्नु ॥ ११ ॥

वक्त्रं सदोषं परदूषणेन
नेत्रं परस्त्रीमुखवीक्षणेन ।
चित्तं परानिष्टविचिन्तनेन
कथं भविष्यामि विभो विदोषः ॥ ८ ॥

त्यक्त्वा भवन्तं भवरोगवैद्यं
ध्याता मया मोहधिया सदैव ।
उरोजगुह्यांगमुखप्रदेशाः
विलासिनीनां सुदृशांगनानाम् ॥ १२ ॥

सीमन्तिनी वक्त्रविलोकने हि
यथा मनो मे विपुलं विलग्नम् ।
तथैव स्वामिंस्तव दर्शनेऽत्र
न लग्नमद्यापि प्रभो जिनेश ॥ १३ ॥

न यौवनं न प्रभुता च कापि
न कांचनं दिव्यकलेवरो वा ।
न निर्मलज्ञानबलप्रतिष्ठा-
स्तथाप्यहंकारवशीकृतोऽहम् ॥ १४ ॥

भोगाय यत्नस्सततं कृतोऽपि
योगाय यत्नो न कृतः कदापि ।
धनाय यत्नः सततं कृतोऽपि
धर्माय यत्नो न कृतस्सदैव ॥ १५ ॥

धृतं मया नाथ न साधुवृत्तं
कृतं मया नेह हितं जनस्य ।
पीतं न धर्मामृतमत्र नित्यं
कृतं न तीर्थोद्धरणादिकार्यम् ॥ १६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| वैराग्यरंगो न गुरूदितेषु | गुरूपदेशेषु मनो न दत्तं |
| न दुर्जनानां वचनेषु शान्तिः । | विरक्तिभावोऽप्युदितो न चित्ते। |
| नाध्यात्मलेशो मम कोऽपि देव ! | पंचाक्षलिप्सा जरठा न जाता |
| तार्यः कथंकार मया भवाब्धिः ? ॥ २२ ॥ | तार्यः कथं घोरभवाब्धिरेषः ॥ १७ ॥ |
| पूर्वे भवेऽकारि मया न पुण्य- | उपार्जितं पूर्वभवे न पुण्यं |
| मागामिजन्मन्यपि नो करिष्ये | अस्मिन् भवे हा न चिनोमि किंचित् । |
| यदीदृशोऽहं मम तेन नष्टा | एतादृशी क्लेशमयी दशा मे |
| भूतोद्भवद्भाविभवत्रयीश ! ॥ २३ ॥ | कृपापरो मे भव देवदेव ॥ १८ ॥ |
| किं वा मुधाऽहं बहुधा सुधाभूक्- | वृथा स्वकीयं चरितं त्वदग्रे |
| पूज्य ! त्वदग्रे चरितं स्वकीयम् । | जल्पामि सर्वज्ञ विमोहितोऽहम् । |
| जल्पामि ? यस्मात्त्रिगत्स्वरूप- | त्वदीयबोधे चरितं मदीयं |
| निरूपकस्त्वं कियेदेतदत्र ॥ २४ ॥ | स्पष्टं विभाति प्रशमैकनाथ ॥ २० ॥ |

આ શ્લોકોની સરખામણી ઉપરથી જોઇ શકાશે કે આ બન્ને કૃતિઓના શ્લોકોના ભાવોમાં અને શબ્દોમાં કેટલું બધું સામ્ય છે. 'રત્નાકરપચ્ચીશી'નો ૧૧ મા શ્લોક અને 'આત્મનિવેદનમ્'નો ૧૦મા શ્લોકના ભાવમાં અલ્પ સામ્ય હોવાથી ઉપર એ શ્લોકો આપ્યા નથી.

પં. ભુજબલી શાસ્ત્રીએ અમને આપેલો જવાબ કેટલો ગેરવાજબી અને સરળતાથી વંચિત છે તે આ ઉપરથી જોઈ શકાશે.

## આભાર

પરમ પૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી મહારાજ આદિના સદુપદેશથી અમદાવાદની સી. કે. વ્હોરાની કંપનીના માલિક સ્વ૦ શેઠ શ્રી નેમચંદભાઇ પોપટલાલ વ્હોરાના સ્મરણાર્થે તેમના સુપુત્ર શ્રીયુત જગતચંદ્રભાઈ ( બાબુભાઈ )એ સમિતિના પેટ્રન તરીકે સમિતિને રૂા. ૫૦૧) ની સહાયતા વિક્રમ-વિશેષાંકમાં ખર્ચ કરવા માટે આપી છે.

આ માટે અમે પૂજ્ય મહારાજશ્રીનો તથા શ્રી જગતચંદ્રભાઇનો આભાર માનીએ છીએ. —વ્ય૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# उमास्वामि-श्रावकाचार

लेखकः—पूज्य **मुनिमहाराज श्री दर्शनविजयजी, अमदावाद.**

गुर्जरेश्वर परमार्हत महाराजा कुमारपालके गुरु कलिकालसर्वज्ञ आ० श्रीहेमचन्द्रसूरि समर्थ ज्ञानी हुए हैं। आपने सांगोपांग व्याकरण, काव्य, न्याय, चरित्र एवं योग इत्यादि विभिन्न विषयके अनेक ग्रंथ बनाये हैं। आपका स्वर्गगमन वि. सं. १२२९ में हुआ है। आपने "सटीक योगशास्त्र"में श्रावकधर्मका विशद निरूपण किया है। आपके बाद विक्रमकी तेरहवीं शताब्दीके आ० जिनदत्तसूरिने गृहस्थव्यवहारके निरूपणवाला "विवेकविलास" रचा है।

श्रावकोंके आचार बतानेवाले दिगम्बर शास्त्रोंमें "उमास्वामि–श्रावकाचार" भी एक है। उसमें ४७४ संस्कृत पद्य हैं, उसकी हिन्दी टीका वि. सं. १९३९ के पश्चात् चंद्रवाल्कुल गोत्रके पं. हलायुधजीने की है। इस श्रावकाचारमें—विक्रमकी दशवीं शताब्दीके आ० अमृतचन्द्रसूरिके पुरुषार्थसिद्धिउपाय, ११ वीं शताब्दीके आ० सोमदेवसूरिके यशस्तिलकचम्पू, ११ वीं शताब्दीके आ० अमितगतिके उपासकाचार और धर्मपरीक्षा, क० स० आ० श्री हेमचंद्रसूरिके योगशास्त्र, आ० जिनदत्तसूरिजीके विवेकविलास, और वि. सं. १५४१ के पं. मेधावीके धर्मसंग्रहश्रावकाचार इत्यादि कई ग्रन्थोंके श्लोक दर्ज हैं[१]।

इनमें आ० अमृतचन्द्रसूरि, आ. सोमदेवसूरि, आ० अमितगति और पं. मेधावी ये दिगम्बर विद्वान् हैं अतः यहाँ उनके लिये तो कुछ कहना नहीं है। क० स० आ० हेमचंद्रसूरिजी और आ० जिनदत्तसूरि ये श्वेताम्बर आचार्य हैं, प्रस्तुत श्रावकाचारके विधाताने इनसे जो कुछ ऋण लिया है, सिर्फ उसे ही यहां बताना है।

उमास्वामि–श्रावकाचार, जो तत्त्वार्थाधिगम अर्हत्प्रवचनके निर्माता वा० श्री उमास्वातिजीके नामसे जाहिर है, उसमें कतिपय श्लोक ऐसे हैं जो कि योगशास्त्र और विवेकविलाससे ज्योंकेत्यों लिये गये हैं और कतिपय श्लोक कुछ परिवर्तनके साथ लिये गये हैं।

**ज्योंकेत्यों लिए हुए पाठ**

| योगशास्त्र प्र. श्लोक | उ. श्रावकाचार श्लोक | विवेकविलास उ० श्लोक | उ. श्रावकाचार श्लोक |
|---|---|---|---|
| २–१४ | १९ | १–१४४ | १०३+१०४ |
| २–२९ | ३३९ | १–१४५ | १०४+१०५ |
| ३–२६ | २६५ | १–१७८ | १०७ |
| ३–६७ | ३२६ | १–१४० | १०८ |
| ३–[२५] | २६४ | | |

१. आ० सोमदेवसूरिजी ऐसे ग्रन्थकारोंको काव्यचोर एवं पातकीकी उपाधियाँ देते हैं।
कृत्वा कृतीः पूर्वं कृता पुरस्तात् प्रत्यादरं ताः पुनरीक्षमाणः।
तथैव जल्पेदथ योऽन्यथा वा, स काव्यचोरोस्तु स पातकी च ॥ —यशस्तिलकचम्पू ॥
अन्यकाव्यसुशब्दार्थछायां नो रचयेत् कविः
स काव्ये सोऽन्यथा लोके, पश्यतोहरतामटेत् ॥९५॥—आ० अजितसेनकृत अलंकारचिन्तामणिः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## परिवर्तित पद्यपाठ

| योगशास्त्र प्र० श्लोक | उ० श्रावकाचार श्लोक | योगशास्त्र प्र० श्लोक | उ० श्रावकाचार श्लोक |
|---|---|---|---|
| ३–२० | २६३ | ३–१०१ | ४०४ |
| २–८२ | ३७१ | ३–१०८ | ४०६ |
| २–७९ | ३६८ | ३–१११ | ४११ |
| ३–७० | ३२७ | ३–११२ | ४०३ |

नमुनेके तौरसे कुछ श्लोक बताए जाते हैं—

हिंसा विघ्नाय जायते विघ्नशांति कृतापि हि ।
कुलाचारधियाप्येषा कृता कुलविनाशिनी ॥

—योगशास्त्र, २–२९, उ० श्रावकाचार ३३९

हन्ता पलस्य विक्रेता संस्कर्ता भक्षकस्तथा ।
क्रेताऽनुमन्ता दाता च घातका एव यन्मनुः ॥ यो० ३–२० ॥

हन्ता दाता च संस्कर्त्ताऽनुमन्ता भक्षकस्तथा ।
क्रेता पलस्य विक्रेता, यः स दुर्गतिभाजनं ॥ श्रा० २६३ ॥

स्त्रीसम्भोगेन यः काम–ज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥ यो० २–८२ ॥

मैथुनेन स्मराग्निं यो विध्यापयितुमिच्छति ।
सर्पिषा स ज्वरं मूढः प्रौढं प्रतिचिकीर्षति ॥ श्रा० ३७१ ॥

नवनीत–वसा–क्षौद्र–मद्यप्रभृतिविक्रयः ॥ यो० ॥
नवनीत–वसा–मद्य–मध्वादीनां च विक्रयः ॥ श्रा० ॥
द्विपाच्चतुष्पादविक्रयो ॥ यो० ३–१०८ श्रा० ४०६ ॥

प्रतिमा काष्ठलेपाश्मस्वर्णरूप्या (दन्तचित्रा)ऽयसां गृहे ।
मानाधिकपरिवाररहिता नैव पूजयेत् ॥

—विवेकविलास १–१४५, उ० श्रावकाचार १०४+१०५

फलस्वरूप इतना लिखना पर्याप्त है कि–विद्वान् ग्रंथकर्ताने श्रावकाचारमें योगशास्त्र एवं विवेकविलासका अवतरण बड़ी सफाईसे किया है ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અન્તિમ આરાધનાના પ્રકારો

## [ અને તેને અંગેનું આપણું કેટલુંક સાહિત્ય ]

લેખકઃ--પૂજ્ય મુનિમહારાજ શ્રી કનકવિજયજી, મહેસાણા

શ્રી જૈનશાસનમાં સમાધિભાવે મરણને પ્રાપ્ત કરવું એ અતિદુર્લભ માન્યું છે. જીવન પર્યન્તની શુભ આરાધનાઓનું પરિણામ, મરણકાલની આસપાસની આરાધનાઓ પર અવલંબે છે. આ કારણે સમાધિમરણનું મૂલ્ય અમાપ છે. અજ્ઞાન આત્માઓ એની મહત્તાને સમજી શકવાને અસમર્થ હોય છે. કારણ સ્પષ્ટ છે : જૈનશાસ્ત્રોમાં વિહિત કરેલાં અન્તિમ આરાધના માટેનાં વિધિવિધાનો સાચે તત્ત્વજ્ઞાનના પાયા પર નિર્ભર છે, અને તે સૂક્ષ્મ દૃષ્ટિથી ગ્રાહ્ય છે. એને સમજવા માટે વસ્તુસ્વરૂપના પારમાર્થિક દૃષ્ટા તેમ જ જ્ઞાતા બનવાની જરૂર રહે છે. જ્યાંસુધી દેહ અને આત્માના-જડ-ચેતનના સંયોગોની એકાન્ત દુખરૂપતા, ક્ષણિકતા, આત્માનો અજરામર સ્વભાવ, જન્મમરણની પરંપરામાં રહેલી ભયંકર દુઃખદતા વગેરેનો સાચો ખ્યાલ ન આવે ત્યાંસુધી અન્તિમ કાલની આરાધના-વિધિની ઉપયોગિતાનો ભાગ્યે જ વિચાર આવી શકે.

તત્ત્વદૃષ્ટા-વેત્તા [ Philosopher ] પુરુષો, કે જેઓ દેહ અને આત્માના સંબન્ધ અને સ્વરૂપનો સદાકાળ આત્મજાગૃતિ પૂર્વક વિચાર કરી રહ્યા હોય છે, તેઓ પોતાના અન્તિમ સમયની ઘડીઓને સુધારવાને ખૂબ જ તૈયાર હોય છે. કારણકે જન્માન્તરની ગતિનો આધાર મરણની છેલ્લી ઘડીએ પણ પડેલા આયુષ્યના બન્ધ ઉપર છે. એ વેળાયે જો જાગૃતદશા ન રહી, તો કુગતિ કે દુર્ગતિનું આયુષ્ય બંધાઈ જાય છે. અને આના યોગે ભવાન્તરમાં શ્રીજિનકથિત ધર્મની આરાધનાની શુભ સામગ્રીઓ મળવી મુશ્કેલ બને છે, કદાચ વિપરીત સામગ્રીઓ મેળવવાનો સંભવ છે. આથી પૂર્વકાલની સુંદર આરાધનાઓ નિષ્ફળપ્રાયઃ બને છે, વિપરીત સામગ્રીઓના યોગે પૂર્વોપાર્જિત શુભ કર્મ કે કર્મનિર્જરા કરમાઈ જાય છે, અને નવું અશુભ કર્મ બંધાય છે. આ કારણે અન્તિમ કાલની ઘડીઓ, સંપૂર્ણ સાવધ દશામાં શ્રીજિનકથિત આરાધાનાઓનાં વ્યતીત થવી જોઈએ.

**ચતુઃશરણાદિની આરાધના—**

સમાધિમરણને સારુ અતિઆવશ્યક ગણાતી અન્તિમ કાલની આરાધનાના અનેક પ્રકારો શ્રીજૈનશાસનમાં દર્શાવવામાં આવ્યા છે. સામાન્ય રીતિએ "શ્રી અરિહંતાદિ ચાર શરણાઓ, દુષ્કૃતોની ગર્હા અને સુકૃતોનું અનુમોદન' આ મુજબના ત્રણ પ્રકારો પંડિતમરણને પ્રાપ્ત કરવાની વૃત્તિવાળા આત્માઓ માટે આવશ્યક ગણાય છે. શ્રીજિનપ્રણીત સુવિશુદ્ધ આરાધનાનું મૂળ કારણ પણ આ જ વસ્તુ છે. ભગવાન શ્રી પંચસૂત્રકાર આ પ્રમાણે સ્પષ્ટ ફરમાવે છે કે :

**इह खलु अणाइ जीवे, अणाइ जीवस्स भवे अणाइकम्मसंजोगनिव्वत्तिए, दुक्खरूवे दुक्खफले दुक्खाणुबंधे; एअस्स णं वुच्छित्ती सुध्धधम्माओ सुध्धम्म--संपत्ती पावकम्मविगमाओ; पावकम्मविगमो तहा भव्वत्ताइभावओ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**तस्स पुण विवागसाहणाणि, चउसरणगमणं, दुक्कडगरिहा, सुकडाण सेवणं, अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलेसे तिकाल- मसंकिलेसे.'**

'આ લોકમાં આત્મા અનાદિથી છે. આત્માનો આદિકાલ નથી. આત્માનો સંસાર અનાદિકાલીન છે. તે સંસારનું મૂળ કારણ કર્મોનો અનાદિ સંયોગ છે. સંસાર દુઃખરૂપ છે, દુઃખોના ફળવાળો છે, અને દુઃખોના અનુબંધવાળો છે. આ કારણે, આ સંસારનો પાર પામવો ઇષ્ટ છે. 'આવા પ્રકારના દુઃખમૂલક સંસારનો નાશ સધ્ધર્મના યોગે જ છે. સધ્ધર્મની પ્રાપ્તિ, પૂર્વોપાર્જિત પાપકર્મોના નાશપર અવલંબે છે. પાપકર્મોના નાશનું કારણ, ભવ્યત્વાદિ શુભ ભાવો છે. અને ભવ્યત્યાદિના વિપાકસાધનો આ મુજબ છે :'

'ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતોનું અનુમોદન, આથી મોક્ષસુખના અર્થી ભવ્ય જીવોએ, સંકલેશની વેળાયે સમાધિપૂર્વક સદા કાલ વારંવાર આ ત્રણ વસ્તુઓનું આરાધન કરવું જોઈએ. જ્યારે અસંકલેશના–તીવ્ર રાગાદિની પરિણતિ યા કષાયાદિ ભાવોની વૃદ્ધિના પ્રસંગો–ન હોય ત્યારે અવશ્ય ત્રિકાલ આનું સેવન કરવું જોઇએ.'

સૂત્રકાર ભગવાન શ્રી ચિરન્તનાચાર્ય, આ પ્રકારે ત્રણ વસ્તુઓની આરાધના, ભવ્ય જીવો સમક્ષ પરંપરાએ દુઃખમૂલક સંસારના વ્યુચ્છેદને માટે જણાવે છે. આ કારણે આ વસ્તુઓનું મહત્ત્વ, જૈનશાસનમાં ફરમાવેલી ઇતર આરાધનાઓ કરતાંયે સવિશેષ છે. અન્તિમ કાલને સુધારી લેવાને માટે સૌ કોઈ આરાધકોનું પરમ આલંબન પણ આ વસ્તુઓ છે, એ નિઃશંક અને નિર્વિવાદ છે.

**અન્તિમ આરાધનાના પ્રકારો–**

અન્તિમકાલીન આરાધનાને અંગે, જૈનશાસનમાં ઉપરોક્ત ચતુઃશરણાદિ સ્વીકાર વગેરે અનેક પ્રકારો સૂચવવામાં આવ્યા છે. કારણ સ્પષ્ટ છે: અન્તિમ આરાધનાનો વિષય જ એવો વ્યાપક, મહત્ત્વનો અને ગંભીર છે. આથી જ અંગસૂત્રો, ઉપાંગસૂત્રો અને પ્રકીર્ણસૂત્રોમાં આ વસ્તુને માટે ઘણા ઘણા ઉલ્લેખો મળી રહે છે.

વર્તમાનકાલમાં ૪૫ આગમોની ગણનામાં, આગમસૂત્રો તરીકે ગણાતા ચઉસરણ-પયન્ના આદિ દશ પયન્નાઓમાંના અમુક પયન્નાસૂત્રોમાં ખાસ આ અન્તિમ આરાધનાના વિષયને જ અનુલક્ષીને કહેવામાં આવ્યું છે.

શ્રી ચઉસરણ, આઉરપચ્ચક્ખાણ, મહાપચ્ચક્ખાણ, ભત્તપરિણ્ણય, સંથારગ, મરણ-સમાધિ, આ પયન્નાગ્રન્થોમાં ખાસ અન્ત સમયની આરાધનાના જ અધિકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. જીવનનો અન્તિમ ભાગ સુધારવા અને આગામી કાલની સદ્દગતિની પ્રાપ્તિ માટે આમાં સુંદર રીતે જણાવાયું છે.

અન્તિમ કાલની આરાધનાના જો કે અનેક અધિકારો, ભેદો છે, છતાંયે પંચસૂત્રકાર ભગવાન જે ત્રણ વસ્તુઓની આરાધના પર ભાર મૂકે છે, તે ત્રણેય શ્રી અરિહંતાદિ ચાર શરણાઓનું સેવન વગેરે, પ્રત્યેક શ્રીજિનકથિત અન્તિમ આરાધનાઓમાં મુખ્ય રીતિએ દૂધમાં રહેલ માખણ કે ઘીની જેમ સંકળાઈને રહે છે. આથી શ્રુતસ્થવિર શ્રી વીરભદ્ર મહામુનિ 'શ્રી ચઉસરણપયન્ના'ના અભિધેય વિષયનો નિર્દેશ કરતાં કહે છે કે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'चउसरणगमण-दुक्कडगरिहा-सुकडाणुमोअणा चेव ।
एस गणो अणवरयं कायव्वो कुसलहेउत्ति ॥'—चउसरण, गा. १०

'વિધિપૂર્વક શ્રી અરિહંત પરમાત્મા આદિ ચાર શરણાઓનો સ્વીકાર, પૂર્વકૃત દુષ્કર્મની શલ્યરહિતપણે નિન્દા અને સ્વ તથા પરના સુકૃતની શુભ ભાવપૂર્વક અનુમોદના, આ ત્રણેય અધિકારો કુશલનાં કારણરૂપ છે. માટે જ સદાકાલ તે કરવાયોગ્ય છે.'

કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવાન શ્રીહેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા, અન્તિમ કાલની આરાધનાને ૭ અધિકારોથી પ્રતિપાદિત કરે છે. ચરમ તીર્થંકર શ્રમણભગવાન શ્રીમહાવીર પરમાત્મા, શ્રી નન્દનરાજર્ષિના ભવમાં જ્યારે માસક્ષપણના પારણે માસક્ષપણની ઉત્કૃષ્ટ તપશ્ચર્યાપૂર્વક શ્રી તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે તે અવસરે અન્તિમ કાલની આરાધના જે રીતે કરે છે તેનો ઉલ્લેખ, શ્રીત્રિષષ્ટિના દશમા પર્વમાં આ મુજબ કરે છે—

'दुष्कर्मगर्हणां जन्तुक्षामणां भावनामपि चतुःशरणं च नमस्कारं चानशनं तथा'

૧ પાપકર્મોની નિન્દા-ગર્હા, ૨ સર્વ જીવોને ક્ષમાપના, ૩ સંસારની અનિત્યતા વગેરેની ચિન્તવનારૂપ શુભ ભાવનાઓનું પરિશીલન, ૪ પરમશરણસમાન શ્રી અરિહંત પરમાત્મા આદિના શરણાઓનો સ્વીકાર, ૫ શ્રીનમસ્કાર મહામંત્રનું સ્મરણ અને ચારેય પ્રકારના આહારનો ત્યાગ કરવાપૂર્વક અનશનનો સ્વીકાર, આ પ્રકારે શ્રી નન્દનમહામુનિએ અન્તિમ કાલની આરાધનાને સમાધિપૂર્વક કરી.'

વળી વર્તમાનમાં અન્તિમ આરાધના માટે વિશેષ પ્રચારને પામેલ શ્રી પુણ્યપ્રકાશનું સ્તવન, કે જે ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજે ગૂર્જરભાષામાં રચ્યું છે તે અન્તિમ કાલની આરાધના કરવાના મનોરથો રાખનાર સૌ કોઈ પુણ્યવાન આત્માઓને સદા જાગૃતિ આપવા સમર્થ છે. અન્તિમ આરાધનાના નામથી ઓળખ આપી શકાય તેવી આ કૃતિમાં પૂજનીય શ્રી ઉપાધ્યાયજી મહારાજે, અન્તિમ આરાધનાને દશ અધિકારોથી પ્રતિપાદિત કરી છે. એ દશ અધિકારો તેઓશ્રીના શબ્દોમાં આ મુજબ છેઃ—

૧ અતિચાર આલોઈએ, ૨ વ્રતધરીએ ગુરૂસાખ;
૩ જીવ ખમાપો સયલ જે, યોનિ ચોરાશી લાખ. ૧
૪ વિધિશું વળી વોસિરાવીએ, પાપસ્થાન અઢાર;
૫ ચાર શરણ નિત્ય અનુસરો, ૬ નિંદો દુરિત આચાર. ૨
૭ શુભ કરણી અનુમોદીએ ૮ ભાવ ભલો મન આણ;
૯ અણસણ અવસર આદરી, ૧૦ નવપદ જપો સુજાણ. ૩
શુભગતિ આરાધનતણા, એ છે દશ અધિકાર;
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર. ૪

એકંદર એમ કહી શકાય કે 'જ્યાં જ્યાં પ્રસંગને પામીને અન્તિમકાલીન આરાધનાનાં વર્ણનો, ઉલ્લેખો આવે છે ત્યાં જો કે ત્રણ, ૭ કે દશ અધિકારોથી અન્તિમ આરાધનાનું સૂચન કરવામાં આવ્યું છે. છતાંયે મુખ્યતયા ચઉસરણપયન્ન વગેરેમાં પ્રતિપાદિત ત્રણ આરાધનાઓ સ્પષ્ટ રીતિએ સંકળાયેલી જોઈ શકાય છે.

કેટલીક પ્રચલિત-અપ્રચલિત પણ મારા જોવા-જાણવામાં આવેલ અન્તિમ આરાધનાના ઉલ્લેખોવાળી કૃતિઓની નોંધ આ પ્રકારે છે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| કૃતિ | કર્તા | કૃતિ | કર્તા |
|---|---|---|---|
| ૧ શ્રી ચઉસરણપયન્ના | શ્રી વીરભદ્ર મહામુનિ | ૧૧ શ્રાવક આરાધના | |
| ૨ શ્રી આઉરપચ્ચક્ખાણ | ,, | ૧૨ પંચસૂત્ર | શ્રી ચિરન્તનાચાર્ય |
| ૩ શ્રી ભત્તપરિણ્ણય | ,, | ૧૩ પુંડરીકમહર્ષિઆરાધના | શ્રી સિદ્ધર્ષિગણિ |
| ૪ શ્રી સંથારગપયન્ના | ,, | ૧૪ યુગબાહુઆરાધના | શ્રી ભાવદેવસૂરિ |
| ૫ મહાપચ્ચખાણ | ,, | ૧૫ મહાબલઆરાધના | શ્રી વિનયચન્દ્રસૂરિ |
| ૬ મરણસમાહી | ,, | ૧૬ પુણ્યપ્રકાશનું સ્તવન | ઉ. શ્રી વિનયવિજયજી |
| ૭ આરાધનાપ્રકરણ | શ્રી સોમસૂરિજી | ૧૭ અમૃતવેલની સજ્ઝાય | ઉ. શ્રી યશોવિજયજી |
| ૮ ચતુર્ગતિજીવક્ષમાપણકાનિ | | ૧૮ મરણસમાધિવિચાર | કર્તાનું નામ ઉપલબ્ધ નથી |
| ૯ શ્રી નન્દનમુનિ આરાધના | શ્રી હેમચન્દ્રસૂરિજી | | |
| ૧૦ લઘુ સાધુ આરાધના | | ૧૯ આરાધનાપતાકા | વીરભદ્ર મુનિ |

આ રીતે પ્રકરણ, કથા, પ્રબન્ધ વગેરે કૃતિઓમાં અન્તિમકાલીન આરાધનાને અંગે સુન્દર, સરલ અને ઉપકારક ઉલ્લેખો–વર્ણનો મળી રહે છે, ને તેના અર્થી આત્માઓને માટે અવશ્ય આરાધનામાર્ગમાં પરમ આલંબનભૂત છે.

**શ્રી ચઉસરણપયન્ના આદિ–**

ઉપર જણાવ્યા પ્રમાણે, પીસ્તાલીસ આગમગ્રન્થોની ગણનામાં દશ પયન્ના પણ આવે છે. 'શ્રી તીર્થંકર પરમાત્માના હસ્તદીક્ષિત શ્રુતસ્થવિર શિષ્યો પ્રકીર્ણક ( પયન્ના ) સૂત્રોની રચના કરે છે' આ રીતનો પ્રઘોષ છે. પ્રકીર્ણકસૂત્રોની રચનાને અંગે આ અને આને મળતાં આ પ્રમાણેના ઉલ્લેખો મળી રહે છે કે 'શ્રી તીર્થંકર ભગવન્તોના કહેલા શ્રુતને અનુસરીને તેઓશ્રીના હસ્તદીક્ષિત શિષ્યો જે રચના કરે તે અથવા 'શ્રી જિનકથિત શ્રુતને અનુસરવા પૂર્વક, શ્રી તીર્થંકર પરમાત્માના હસ્તદીક્ષિત શિષ્યો કે પ્રત્યેકબુધ્ધ શ્રમણો જે કાંઈ ગ્રન્થપદ્ધતિરૂપ ઉપદેશ કરે તે અંગ અને અંગબાહ્ય સૂત્રોથી ભિન્ન હોય તે–પયન્ના–પ્રકીર્ણક સૂત્ર તરીકે ઓળખાય છે.'

યુગાદિનાથ શ્રી ઋષભદેવ પરમાત્માના શાસનમાં ૮૪ હજાર પયન્નાસૂત્રો હતાં, કારણ કે તેઓશ્રીના હસ્તદીક્ષિત શિષ્યો તેટલા પ્રમાણમાં હતા. જયારે ચરમતીર્થપતિ દેવાધિદેવ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના ચૌદ હજાર શિષ્યો હોવાને અંગે, વર્તમાન શાસનમાં ચૌદ હજાર પયન્નાસૂત્રોની રચના થઈ હતી. વર્તમાનકાલે આમાંના વીશ પયન્ના હાલ ઉપલબ્ધ થાય છે. એક જાતિનાં અધિકારને અંગે એ વીશમાંથી દશ પયન્ના ૪૫ આગમગ્રન્થોમાં ગણાય છે.

શ્રી ચઉસરણપયન્ના આદિ ચાર પયન્ના સૂત્રો, આ દશ પયન્નારૂપ આગમગ્રન્થોમાં ગણાય છે. અન્ત્ય સમયની આરાધનાના વ્યાપક ત્રણ અધિકારોનું વર્ણન આમાંથી મળી રહે છે. આ ચારેય પયન્નાસૂત્રો, ભવનો છેવટનો કાલ સુધારવા અને આગામી કાલની સદ્ગતિ મેળવવા માટે અતિશય ઉપકારક આલંબનભર્યું સાહિત્ય પ્રાકૃત ભાષામાં પીરસે છે.

સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ આ ચારે સૂત્રોને, વિધિ મુજબ ત્રણ ત્રણ આયંબીલની તપશ્ચર્યા પૂર્વક વાંચવા-ભણવાને અધિકારી છે. પ્રાકૃત ભાષાનો અભ્યાસી વર્ગ, આ સૂત્રોના મૂળ પાઠનું તેમ જ ઉપરોક્ત અન્ય આરાધનાસૂત્રોના પરિશીલન અભ્યાસ કરતાં કરતાં ખૂબ આત્મજાગૃતિને મેળવી શકે તેમ છે:

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગિરનારનો જીર્ણોદ્ધાર*

[ ગિરનાર ઉપરનાં જિનમંદિરોના જીર્ણોદ્ધારની કથા ]

[ ૧ ]

## ધર્મપ્રેમી શેઠ

આજે દિવાળીના શુભ દિવસને ભગવાન મહાવીરદેવના નિર્વાણકલ્યાણકના પવિત્ર દિવસ તરીકે મોતીચંદ શેઠે ખૂબ યાદ રાખ્યો હતો. આવા પવિત્ર દિવસે તેમને ઉપવાસ હતો. ગામમાં તો ખાવું પીવું નવાં કપડાં અને ઘરેણાં પહેરી ફરવું એમ ચોતરફ મઝા ઊડી રહી હતી. પણ મોતીચંદ શેઠ ઉદાસ હતા, એમના દિલમાં શાંતિ ન હતી. આ વર્ષે વરસાદ ન વરસવાથી ખેડૂતોને ધીરેલું ધન-ધાન્ય કશુંય મળે તેમ ન હતું. છેલ્લાં પાંચ-સાત વર્ષ આશામાં ને આશામાં ગયેલાં અને ઉદારદિલના શેઠ ખેડૂતોને નાણું ધીરતા જ ગયા. આખા ગામમાં શેઠજીની શાખ હતી. તેઓ કદીયે જૂઠું ન બોલતા અને વધારે વ્યાજ પણ ન લેતા. ખેડૂતો પણ બહુ જ સાવધ રહી શેઠનું નાણું પાછું આપવા પ્રયત્ન કરતા હતા. કોઈ ખેડૂત આવીને કરગરે તો શેઠ તરત જ મણ-બે મણ દાણો મફત આપી દેતા. ગામમાં કોઈ માંદુ હોય તો શેઠ દવા મફત આપે. દિન અને દુઃખીના બેલી જેવા શેઠ બહુ જ ડાહ્યા ધીર અને ગંભીર ગણાતા. આખું ગામ તેમની સલાહ લેતું. તેમની સલાહ કદી કાચી ન્હોતી નીકળતી. લોકો તેમને મહેતાજી, ન્યાયાધીશ કે નગરશેઠ કહી માન આપતા. એકવાર તો મહેતાજીએ દુકાળ વખતે ખેડૂતોનો પક્ષ લઈને રાજ્યના પટેલોને પણ ધમકાવેલા. મહેતાજીએ એ પટેલોને સંભળાવેલું કે તમારાથી થાય તે કરી લ્યો, ખેડૂતો કશું આપી શકે એમ નથી. તમારે લૂંટવું હોય તે લૂંટી લ્યો. પણ યાદ રાખજો કે રાજ્ય મહારાજા સિદ્ધરાજ જયસિંહદેવનું છે, તે આ અન્યાય નહીં સાંખી શકે. આખરે અધિકારીઓ નમ્યા, પતાવટ કરી અને એ વર્ષનું મહેસુલ માફ કર્યું બસ, આ પ્રસંગ પછી તો મોતીચંદ શેઠ રાજ્ય અને પ્રજા બન્નેના સલાહકાર અને માનનીય થયા.

શેઠ જેમ દયાલુ અને ઉદાર હતા તેમજ પૂરા ધર્મનિષ્ઠ અને ધર્મની ટેકવાળા હતા. આ વ્રતધારી શેઠની ધર્મપ્રિયતા અને ન્યાયપરાયણતાની આખા ગામમાં સુંદર છાપ હતી. તેઓ જિંદગીમાં કદી જૂઠું નથી બોલ્યા, વધારે લઈ કોઈને ઓછું નથી આપ્યું, માલમાં કદીએ સેળભેળ નથી કરી કે નથી કદીયે વધારે નફો ખાવાની ઈચ્છા કરી-એવી એમની શાખ હતી. તે ન્યાય નીતિ અને મહેનતથી પુરુષાર્થ કરી ધન કમાતા. ગરીબોને એ સહાય કરતા અને અવસરે ગુપ્ત મદદ પણ પહોંચાડતા. એમની આ દાનવીરતાથી ઘરમાંની તીજોરી બહુ તર ન રહેતી, પણ શેઠ કહેતા-બહુ જમા કરીને કરવું છે શું ? લક્ષ્મી ચપલ છે. કોની સાથે ગઈ છે ? કોની સાથે જવાની છે ? પોતાના પુત્રોને પણ રોજ એ જ

* આ કથાના પહેલા અને બીજા પ્રકરણની વ્યક્તિઓનાં નામ કલ્પિત છે. પણ સજ્જન દંડનાયકને અણીની પળે દ્રવ્યની ઉદાર ભેટ આપવાની તૈયારી બતાવનાર શ્રેષ્ઠીનું પાત્ર ઐતિહાસિક હોવાથી એ કલ્પિત પાત્રની પાર્શ્વભૂમિ સાચી-ઐતિહાસિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિખામણ આપતા તેમના મોટા પુત્રનું નામ સકરચંદ હતું, પણ લાડમાં બધા તેને સાકરીઓ કહેતા. તેનાં નામ જેવી જ એની વાણીમાં સાકર જેવી મીઠાશ હતી. તેનું ચારિત્ર, તેની ધીરતા અને દાનવીરતા જોઈ લોકે તેની પ્રશંસા કરતા. મોતીચંદ શેઠ પોતાની પાછળ લીલી વાડી મૂકી આખરે સ્વર્ગે સિધાવ્યા.

[ ૨ ]

## શેઠના સુપુત્ર

સકરચંદને શેઠાઈ મળી. પણ એ તો ભોળાદિલના માણસ હતા. તેને શેઠાઈ મળતાં જ લક્ષ્મીદેવી પ્રસન્ન થયાં અને તેના પૂર્વજોનું પુણ્ય ફળતું હોય તેમ ખેડુતોએ સારાં વર્ષોમાં તેના પિતાના સમયનું દેવું વ્યાજ સહિત ભરી આપ્યું. શેઠનાં ખેતરોમાં જાણે કાચું સોનું પાકયું.

શેઠના બીજા બે ભાઈઓને પરદેશમાં વ્યાપાર કરવા જવાનું મન ગયું. મંગળાપુરી (હાલનું માંગરોળ) ના બંદરેથી વહાણમાં તે પરદેશ ઉપડયા. સકરચંદ શેઠને પણ થયું–પરદેશ સિવાય લક્ષ્મી મળવી સહજ નથી. ખૂબ કરીયાણું અનાજ અને મેવો તેમજ બીજો સામાન બાર વહાણોમાં ભરી ત્રણે ભાઇઓ પરદેશ ઉપડયા. અને એ ત્રિપુટીએ ભેગા મળી ન્યાય અને નીતિથી ખૂબ વ્યાપાર ખેડયો. પૂર્વ પુણ્યના પ્રતાપે ખૂબ લક્ષ્મી કમાઈ ત્રણે ભાઇઓ ઘેર આવ્યા. હવે તેમને ગામડું ન્હોતું ગમતું. એ છોડી જીર્ણદુર્ગ–સૌરાષ્ટ્રની રાજધાની જીર્ણદુર્ગ (જૂનાગઢ)માં કિલ્લા ઉપર વિશાળ મકાન બાંધી ત્યાં રહી ઝવેરાતનો વ્યાપાર કરવા લાગ્યા.

એકવાર ગુજરાતનો નાથ સધરા જેશંગ ( મહારાજા સિદ્ધરાજ જયસિંહદેવ ) ત્યાં આવ્યો. જીર્ણદુર્ગ જીત્યા પછી આ તેનો બીજી વારનો પ્રવેશ હતો. પ્રજાએ ખૂબ પ્રેમથી તેનું સ્વાગત કર્યું. સકરચંદ શેઠે પણ રાજાને સાચા મોતીથી વધાવ્યા અને પોતાનું ઝવેરાત રાજાને બતાવ્યું. રાજાજી આવો કીંમતી માલ જોઈ ઘણા ખુશી થયા. સકરચંદ શેઠની સાદાઈ, ન્યાયપ્રિયતા અને ધર્મપ્રિયતા વધતાં જ જતાં હતાં. આંબાની માફક શેઠ સંપત્તિના વધવા સાથે વિનમ્ર અને સૌજન્યની મૂર્તિ બનતા જતા હતા. કોઈનેયે ખબર ન્હોતી પડતી કે શેઠ પાસે શું છે? કોઈ કહેતા બહારનો ડોળ છે, કોઈ કહેતા ગુપ્ત ધનભંડાર છે, કોઈ કહેતા દેવ પ્રસન્ન છે. પણ આ બધાં અનુમાન જ હતાં. શેઠાણી માણેક બ્હેન પણ લક્ષ્મી અને સરસ્વતીના યુગલરૂપ દેખાતાં. તે રોજ યથાશક્તિ દાન આપતી અને સ્વધર્મીભક્તિ અને સંઘસેવાને પોતાનો ધર્મ માનતી. ગામમાં તેમની દયાળુતા અને આતિથ્ય વખણાતાં.

[ ૩ ]

## સોરઠનો દંડનાયક

સૌરાષ્ટ્રનો દંડનાયક કોણ બને? મહારાજા સિદ્ધરાજ જયસિંહે મહામાત્ય ઉદાયન, વણથલીના ત્રિભુવનપાલ અને કાક–એ ત્રિપુટી અને ગુર્જર સેનાના પરિબલથી સૌરાષ્ટ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીત્યું; રા'ખેંગારને હરાવ્યો અને સૌરાષ્ટ્ર ને ગુજરાત બન્ને એક થયાં ત્યારપછી સોરઠના દંડનાયક માટેનો આ પ્રશ્ન મહારાજાના મનમાં ઘોળાયા કરતો હતો. સોરઠ પરાસ્ત થયા છતાંયે ત્યાંની શૂરવીર પ્રજા વિદેશીઓને ગણકારે એવી ન હતી. સૌરાષ્ટ્રની ઉપજ બહુ જ ઓછી આવતી અને સદાયે બળવાની–ક્રાન્તીની બીતી રહ્યા જ કરતી. સોરઠી પ્રજાને કોણ વશ કરે ? પ્રેમથી કોણ જીતે ? આખરે મહારાજાએ સજ્જન શેઠને સૌરાષ્ટ્રના દંડનાયક નિમવાનો વિચાર કર્યો.

સૌરાષ્ટ્રમાં કાકનું કામ ન્હોતું. ત્રિભુવનપાલ ત્યાં જવા તૈયાર ન્હોતો અને આમ્રભટની તો હમેશાં પોતાની પાસે જરૂર હતી. સજ્જન મહેતા બહુ જ વ્યવહારકુશલ, દક્ષ, ન્યાયપ્રિય, શાંતસ્વભાવના અને ઠંડે કલેજે કામ લઈ શકે તેવા હતા. સાથે જ દુષ્ટસ્ય દંડ પણ તેમને આવડતું. તેમની આવી શક્તિ જોઈ મહારાજા સિદ્ધરાજ જ નહીં પણ મુંજાલ અને કાક પણ સ્તબ્ધ થઈ જતા. આખરે સૌરાષ્ટ્રના દંડનાયક તરીકે સજ્જન મહેતાની નીમણુંક થઈ. સજ્જન મહેતા જીર્ણદુર્ગ (જૂનાગઢ) આવ્યા. સૌરાષ્ટ્રની પ્રજાને એક ઢંઢેરો પાઠવ્યો. શાંતિ, ન્યાય, અને પ્રજારક્ષણની ખાત્રી અપાઈ. થોડા વખતમાં જ સજ્જન મહેતાએ મહારાજા સિદ્ધરાજના રાજ્યમાં સોરઠની શૂરવીર પ્રજાને રામરાજ્યની પ્રતીતી કરાવી. અને સૌરાષ્ટ્રની પ્રજા સમજવા લાગી કે પોતાના સુખદુઃખનો ભાગીદાર આ કોઈ દેવદૂત આવ્યો છે.

સજ્જન મહેતાએ ટૂંક સમયમાં જ પ્રજાનું દિલ જીતી લીધું. એણે ડાકુઓને અને લુંટારાને જેર કર્યા. અન્યાયી અધિકારીઓને પદભ્રષ્ટ કર્યા. મ્હેસુલ ઓછું કર્યું. દેવાં માફ કર્યાં, કર ઘટાડયા અને પ્રજાને ખૂબ જ રાહત આપવા માંડી. ગરીબોને મફત દવા મલે તે માટે ઔષધાલયો કાઢયાં, નિશાળો ઉઘાડી, ન્યાયાલયો સ્થાપ્યાં. અધિકારીઓને તાકીદ આપી કે–પ્રજાને પુત્રવત્ પાલજો અને તેની ધા–ફરિયાદ સાંભળજો. ટૂંક સમયમાં જ આખો સૌરાષ્ટ્ર ખીલી નીકળ્યો. અને સરોવરમાં સહસ્રદલ કમલ વિકાસે તેમ પ્રજાનો વિકાસ થયો અને થોડા જ સમયમાં રાજ્યની તીજોરી ભરાઈ અને મહારાજા પાસે ગાડીઓની ગાડીઓ ભરી સોનામહોરો પહોંચવા લાગી. રાજા અને મંત્રીઓ સજ્જન મહેતાની આ કામગીરીથી પ્રસન્ન થયા.

સજ્જન મહેતા જેમ વ્યવહારદક્ષ અને રાજ્યનીતિનિપુણ હતા તેવા જ દયાળુ અને ધર્મપ્રેમી હતા. પ્રજાને દુઃખી દેખી એ કદીયે શાંતિથી બેસી ન રહેતા. કદીએ કોઈને અન્યાય ન થવા દેતા. અને એમણે પ્રજાને ધર્મ, ન્યાય, દયા, સદાચારના પાઠ પઢાવ્યા. સાથે જ શૂરતા, વીરતા અને ધીરતાના ગુણોનો પણ વિકાસ થાય તેવા પ્રયાસો કર્યા. સૌરાષ્ટ્રની પ્રજાને એમ ન લાગે કે અમે પરાધીન છીએ, અમારે માથે વિદેશીશાસન છે, એ માટે સજ્જન મહેતાએ જાણે સોરઠને પોતાની જન્મભૂમી બનાવી.

આમ વર્ષો ઉપર વર્ષો જવાં માંડયાં અને મહારાજા સિદ્ધરાજ સજ્જન મહેતાને જ સોરઠના દંડનાયક તરીકે નીમતા ગયા.

સજ્જન મહેતાનું દંડનાયકપણું જાણે સફળ થયું ! (ચાલુ) N.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "શ્રી જૈન સત્ય પ્રકાશ" નો ચોથો વિશેષાંક

# ૧૦૦ મો ક્રમાંક વિક્રમ-વિશેષાંક તરીકે પ્રગટ કરવાની યોજના

આવતા વર્ષે સમ્રાટ્ વિક્રમના સંવત્સરને બે હજાર વર્ષ થશે. આ પ્રસંગે સમ્રાટ્ વિક્રમ સંબંધી સ્થળે સ્થળે ઉત્સવો યોજવામાં આવનાર છે. ખાસ કરીને ગ્વાલિયર રાજ્યમાં ઉજ્જયિન નગરીમાં આ પ્રસંગ મોટા પાયે ઉજવવામાં આવનાર છે.

જૈનોનો સમ્રાટ્ વિક્રમ અને ઉજ્જયિની સાથે બહુ જ ઘનિષ્ટ સંબંધ હોવા છતાં, તે સંબંધીનો જૈન ઇતિહાસ બિલકુલ અંધારામાં જ છે. આ પ્રસંગે પણ જો સમ્રાટ્ વિક્રમ સંબંધી જૈન માન્યતાને રજુ કરે તેવું સાહિત્ય પ્રગટ કરવામાં નહિ આવે તો જનતામાં એ સંબંધી ગેરસમજૂતી ફેલાયલી જ રહેશે.

આથી સમિતિના ત્રણ પૂજ્યો-પૂ. આ. મ. શ્રી. વિજયલાવણ્યસૂરિજી, પૂ. મ. મ. શ્રી. વિદ્યાવિજયજી અને પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી ચતુર્માસ પહેલાં અમદાવાદમાં ભેગા થયા તે વખતે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નો નવમા વર્ષનો ચોથો અંક જે ક્રમાંક પ્રમાણે ૧૦૦મો અંક થાય છે તે વિક્રમ-વિશેષાંક તરીકે પ્રગટ કરવો એવો નિર્ણય કર્યો હતો.

અત્યારના સંયોગો પ્રમાણે આવા વિશેષાંકમાં ૧૪૦૦-૧૫૦૦ રૂપિયાનું ખર્ચ થવા સંભવ છે. અને તે માટે અમારે જૈનસંઘને વિનંતી કરવાની છે કે આટલા ખર્ચની જોગવાઈ અવશ્ય કરી આપે. અમને જણાવતાં હર્ષ થાય છે કે પૂ. મુ. મ. શ્રી. દર્શનવિજયજી આદિના સદુપદેશથી સ્વ. શેઠ શ્રી. નેમચંદભાઈ પોપટલાલ વ્હોરાના સુપુત્ર શ્રીયુત જગતચંદ્રભાઇ (બાબુભાઇ) એ પોતાના પિતાના સ્મરણાર્થે આ સંસ્થાના સંરક્ષક બનીને આ અંક માટે ૫૦૧) ની મદદ આપી છે. આશા છે-જેમ બીજા વિશેષાંક માટે જામનગરનિવાસી નગરશેઠ પોપટલાલ ધારશીભાઇ તરફથી અને ત્રીજા વિશેષાંક માટે અમદાવાદના શેઠ શ્રી. જમનાભાઇ ભગુભાઇનાં ધર્મપત્ની શ્રીમતી શેઠાણી માણેકબહેન તરફથી મદદ મળી હતી તેમ-આ અંક માટે પણ ખૂટતી રકમ જૈનસંઘમાંથી મળી રહેશે.

આ વિક્રમ-વિશેષાંક માટે જૈન ઇતિહાસ ઉપર પ્રકાશ પાડે તેવા ઐતિહાસિક દૃષ્ટિવાળા લેખો લખી મોકલવાની અમે સર્વ પૂજ્ય મુનિ મહારાજો અને જૈન તેમજ જૈનેતર વિદ્વાનોને સાગ્રહ વિનંતી કરીએ છીએ. વિદ્વાનોના સહકાર જેટલો વધુ મળશે તેટલે અંશે અંક વધુ સમૃદ્ધ અને ઉપયોગી બની શકશે.

—વ્યવસ્થાપક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# દરેકે વસાવવા યોગ્ય

## શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

### (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીનાં જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ **આના** (ટપાલખર્ચનો એક આનો વધુ).

### (૨) શ્રી પર્યુષણ પર્વ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **એક રૂપિયો**.

### (૩) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય **સવા રૂપિયો**.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

**[૧] ક્રમાંક ૪૩**–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **ચાર આના**.

**[૨] ક્રમાંક ૪૫**–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય **ત્રણ આના**.

## કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના **બે રૂપીયા**, પાકીના **અઢી રૂપીયા** (ટપાલખર્ચ સાથે)

—લખો—

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**

**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**


For Private And Personal Use Only